કિં. ₹૨૦/-
પાના નં-૧

ફેબ્રુઆરી - માર્ચ
૨૦૧૮

સળંગ અંક: ૭૪
વર્ષ : ૧૩

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID



મહામંડળ કારોબારી -૬ | ગુગલમાં સીનીયર એન્જીનિયર પદે પુનિત સોની -૧૬ | પ્રત્યારોપણ પ્રેમ નું -૨૬ | આફ્રિકા પ્રવાસ-૩૩

KANSARA

Dream Dare Do

Rollers for Bearings
World - Class Worldwide

Kansara Modler Limited
an Indo-German Joint Venture

A-41(B), M.I.A. Phase II, Basni, Jodhpur - 342005.
Tel: +91 291 2741656, 5120656 Fax : +91 291 270657
Website : www.kansara.com Email : info@kansara.com

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૩ ● અંક : ૧

ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૮

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન / ડિઝાઈન**

જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

પ્રશાંત બીજલાણી

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**
દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી



*કદમ કદમ બઢાયે જા...*
*સમાજ કી શાન બઢાયે જા...*

**વહાલા વાચકોને વસંતના વધામણા.**

ગત વર્ષાંતે આપણા સમાજના મહામંડળે એની દાયકાની મજલ પૂરી કરી. સામાજીક સંગઠનના કર્ણધારો સમયાંતરે બદલતા રહે, પરંતુ સમાજ - વિકાસના મુળભૂત વિચારો સમાન રહે. કદાચ કાર્યશૈલી બદલાય પણ નીતિ ન બદલાય. સામાજીક વિકાસ, એ એક સતત ચાલતી પ્રક્રિયા છે. વચ્ચે વચ્ચે વિચાર અને પ્રસારના પડાવ હોય છે અને એ દરેક પડાવે સમાજ ઉત્તરોત્તર સમૃધ્ધિના પંથે આગળ વધતો હોય છે. મહામંડળની સમયાંતરે બદલાતી કારોબારી એનાં પદચિહ્નો છોડતી જાય છે, જે નવી કારોબારીને દિશાનિર્દેશ કરે છે.

આ વર્ષારંભે આપણા મહામંડળની નવી કારોબારીનું ગઠન થયું. સમાજની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ અનુરૂપ કાર્યો / પ્રવૃત્તિઓ કરવાના અરમાનોભરી નવી કારોબારીનું સર્વપ્રથમ મક્કમ કદમ એની કારોબારીમાં ગણનાપાત્ર યુવાબળના સમાવેશનું છે. સમાજના આ નવલોહિયા યુવાનોએ આગળ આવી, એ પુરવાર કર્યું છે કે તેઓ આધુનિક 'નેટ' અને 'જેટ' યુગમાં — અંધાધૂંધ હરીફાઈમાં, સ્વ-વિકાસ હેતુ ખૂબ જ વ્યસ્ત હોવા છતાં પણ એમને સમાજ-વિકાસ કાર્યોમાં સામેલ થઈ કંઈક સમાજલક્ષી કાર્ય કરવાની ઈચ્છા — 'Will' છે. 'Where there is a Will – There is a Way.'

આજની યુવા પેઢી પોતાનો માર્ગ અવશ્ય મુક્કમીલ કરી લે છે, જેનો 'સેતુ' પરિવારને પૂરો વિશ્વાસ છે. આપણો પુનિત નામનો યુવાન, 'ગૂગલ'ના એક વિશેષ વિભાગ WAYMOમાં Sr. Engineer તરીકે જોડાયો છે. આ કંપનીમાં તે એકમાત્ર ભારતીય એન્જીનીયર છે. તેની વિગત આ અંકમાં પૃષ્ઠ ૧૬ પર આપેલ છે.

'જ્ઞાતિસેતુ' આપણા મહામંડળ પ્રતિ સમાજની શ્રધ્ધા અને વિશ્વાસના પ્રતિબિંબ ઝીલતું રહ્યું છે. આગામી સમય દરમ્યાન પણ 'સેતુ' તેનું એ ઉત્તરદાયિત્વ નિષ્ઠાપૂર્વક નિભાવશે. 'મહામંડળની મહેક' અંતર્ગત સંસ્થાની સુગંધ સર્વત્ર પ્રસરાવશે. 'સેતુ'માં જ્ઞાતિને લગતા સમાચારો ઉપરાંત ભારતીય સંસ્કૃતિને પોષક એવી હકારાત્મક વિગતો, સમાચારો અને પ્રેરણાદાયક બાબતો પ્રકાશન હેતુ આવકાર્ય છે.

**હંસરાજ કંસારા**

# હિંદુ ઇઝમ – (૩)

પ્રેષક : તુલસીદાસ કંસારા

*આપણે અગાઉના બે હપ્તામાં હિંદુ ધર્મ વિશે શ્રી સ્વામિનારાયણ સંસ્થા 'બાપ્સ' - બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા બે વોલ્યુમમાં પ્રકાશિત, ઉપર લખેલ ટાઈટલ ધરાવતા ગ્રંથ સમાન અંગ્રેજીમાં લખાયેલ પુસ્તકમાંથી "સનાતન ધર્મ"નો સારાંશ, મુળભૂત માન્યતાઓ, હિંદુ શાસ્ત્રો, ફિલોસોફી, હિંદુ સંપ્રદાયો અને ઈશ્વર એક કે અનેક તેમજ હિંદુ દેવી-દેવતાઓ વિશે માહિતી મેળવી. હવે આજ પુસ્તકના આગળના પ્રકરણો ૧૧થી ૧૬નો ભાવસંક્ષેપ આપણે અહીં જાણીશું.*

## પ્રકરણ-૧૧

૧. મંદિરો, શાસ્ત્રો અને સંતો હિંદુ ધર્મના ત્રણ સ્તંભો છે.

૨. વૈદિક સમયમાં હિંદુઓ કુદરતના પરિબળોનું નિયમન કરતાં દેવોને મંત્રો ભણી અને તેમના ગુણગાન ગાતાં ભજનો ગાઈને ભજતા હતા.

૩. ત્યારબાદ તેઓ યજ્ઞો કરી તેમની કદર કરતા અને રીઝવતા હતા. સમય જતાં યજ્ઞોના અગ્નિને છત્ર આપવા માટે છત બનાવવામાં આવી જે વખત જતાં પવિત્ર મંદિરોમાં તબદિલ થયા.

૪. મંદર ઈશ્વર, પદ્ધતિસરના વિશ્વ, મેરૂદંડ અને સાત ચક્રોની વ્યવસ્થાનું પ્રતીક છે. તેની ત્રણ પદ્ધતિઓમાં નગારા જેવું (વળાંકોવાળું) શિખર, દ્રવિડ (પિરામિડ શિખર) અને બંનેના મિશ્રણ જેવું શિખર હોય છે.

૫. મંદિરોમાં ભક્તો દ્વારા વિવિધ પ્રકારના દર્શન, આરતી, દંડવત્ પ્રણામ, પરિક્રમા, પ્રાર્થના ઇત્યાદિ કરવામાં આવે છે. જે તેમને આધ્યાત્મિક ઉર્જા આપી અને પવિત્ર બનાવે છે.

૬. વેદો કે શ્રુતિ શાસ્ત્રો ઈશ્વર દ્વારા ઋષિઓને જ્ઞાનમય કરવા માટે કહેવાયેલ. શ્રુતિ એટલે કે જે સાંભળવામાં આવેલ કે ભગવાને કહેલ, તેમાં વેદો એટલે કે સંહિતા, બ્રાહ્મણો, અરણ્યકા અને ઉપનિષદોનો સમાવેશ થાય છે.

૭. સહાયક શાસ્ત્રોને પુરાણો તરીકે ઓળખાય છે. તેમાં ઈતિહાસ (રામાયણ અને મહાભારત), ધર્મ શાસ્ત્રો અને અઢાર પુરાણોનો સમાવેશ થાય છે.

૮. ત્રીજી પરંપરા છે સંતોની. હિંદુ ધર્મમાં ગુરૂ શિષ્યની પરંપરા છે જેમાં ધાર્મિક ગુરૂ કે સંત શિષ્યને શિક્ષણ આપીને માર્ગદર્શન પૂરું પાડે છે.

૯. મંદિર, શાસ્ત્રો અને સંતની પરંપરાએ હિંદુ ધર્મ અને સંસ્કારોને સદીઓથી રક્ષણ આપી પોષેલ છે.

## પ્રકરણ-૧૨ : ભારતના પવિત્ર ધામો

૧. તીર્થ એટલે કે (નદી કે પાણી) પાર કરીને જવાનું સ્થળ. તીર્થ એટલે એવું સ્થળ કે જ્યાં પવિત્રતા પ્રવર્તે છે, ઉચ્ચ સ્થળ નીચેની જગ્યાને મળે છે અને અલૌકિકતા માનવને મળે છે. ટૂંકમાં તે જગ્યા પવિત્ર છે જ્યાં ભક્તો પોતાના પાપ ધોવા અને પોતાને પુનિત કરવા યાત્રાએ જાય છે.

૨. ભારતમાં અગણિત પવિત્ર જગ્યાઓ છે. હિંદુસ્તાનના સાત પૌરાણિક પવિત્ર શહેરોમાં આવે છે અયોધ્યા, મથુરા, હરિદ્વાર, વારાણસી, ઉજ્જૈન, દ્વારકા અને કાંચીપુરમ્.

૩. ચાર પવિત્ર ધામોમાં બદ્રીનાથ, જગન્નાથપુરી, રામેશ્વરમ અને દ્વારકા.

૪. ચાર કુંભ મેળાઓની જગ્યાઓ છે : પ્રયાગ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિક.

## પ્રકરણ-૧૩ :
## ભારતની સાત પવિત્ર નદીઓ અને અન્ય સ્થળો

અનેક યાત્રાધામોમાંથી માત્ર ગણતરીના સ્થળોનો જ ઉલ્લેખ કરવામાં આવેલ છે. આમ તો અનેક નાના મોટા પવિત્ર સ્થળો છે જ્યાં યાત્રાળુઓ અને મુસાફરો મોટી સંખ્યામાં મુલાકાત લે છે. જેવા કે મુક્તિનાથ (નેપાળ), ગયા, કતારગામ, માયાપુરી, ભુવનેશ્વર, સાક્ષીગોપાલ, દક્ષિણેશ્વર મંદિર, બેલુરમઠ (કોલકટા), કુમ્બકોનામ, ચિત્રકુટ, પંઢરપુર, ડાકોર, અંબાજી, કુરુક્ષેત્ર, નૈમિષ્યારણ્ય અને કુમારિકા ક્ષેત્ર આદિ.

૧. ભારતની સાત પવિત્ર નદીઓમાં ગંગા, યમુના, સિંધુ, સરસ્વતી, નર્મદા, ગોદાવરી અને કાવેરીનો સમાવેશ થાય છે. હિંદુઓ માને છે કે નદીઓને બે પ્રકાર હોય છે : (૧) વાસ્તવિક અને (૨) અલૌકિક. તેઓ અલૌકિક અથવા તો દેવી-માતાઓ છે. આથી તેઓ દેવીઓ તરીકે આદર પામેલ છે.

૨. શિવ પુરાણમાં જ્યાં શિવજી પ્રકાશ કે જ્યોતિર્લિંગ સ્વરૂપે સ્વયં પ્રગટ થયેલ તેવા ૧૨ પૌરાણિક યાત્રાધામો નોંધેલ છે. આ ૧૨ જ્યોતિર્લિંગોમાં કેદારનાથ, વિશ્વનાથ, સોમનાથ, મહાકાલેશ્વર, ઓમકારેશ્વર, રામેશ્વરમ, મલ્લિકાર્જુન, ત્ર્યંબકેશ્વર, ભીમાશંકર, ગ્રીણેશ્વર, નાગેશ્વર અને વૈદ્યનાથ કે બૈજનાથ આવે છે.

૩. અન્ય લોકપ્રિય યાત્રાધામોમાં ઋષિકેશ, કૈલાસ - માન સરોવર, અમરનાથ, વૈશ્નોદેવી, પુષ્કર, તિરૂપતિ બાલાજી, મદુરાઈ, શબરી મલાઈ, છપૈયા, ગુરુવાયુર, કન્યાકુમારી આવે છે.

## પ્રકરણ-૧૪

૧. ભારત એવા ઉત્સવો અને અવસરોનો દેશ છે કે જ્યાં ભગવાનની ભક્તિ અને તેમના અવતારો પ્રત્યેનો અહોભાવ વ્યક્ત કરવા માટે તહેવારો / ઉત્સવો ઉજવવામાં આવે છે. દરેક ઉત્સવો વિવિધ વર્ણના લોકોની કર્મશુદ્ધિ, ભક્તિ અને જ્ઞાનમાં અભિવૃદ્ધિ તેમજ જીવનમાં આનંદ અને નવીનતા લાવવા માટે છે.

૨. હિંદુઓ પાસે ચંદ્ર આધારિત કેલેન્ડર છે જે સૂર્ય વર્ષને બાર ચંદ્ર મહિનાઓમાં વિભાજિત કરે છે. ત્યારબાદ દરેક માસને અજવાળિયા અને અંધારિયામાં ચંદ્રની કળા પ્રમાણે બે ભાગમાં વહેંચવામાં આવે છે. દરેક ચંદ્ર દિવસને તિથિ કહેવામાં આવે છે અને ધાર્મિક તેમજ અન્ય કાર્યોની શુભ શરૂઆત યોગ્ય સમયે કરવામાં આવે છે. આવા પ્રતિષ્ઠાનો કયા સમયે શરૂ કરવામાં આવે છે તે બહુ જ મહત્ત્વનું છે. હિંદુ કેલેન્ડરમાં છ ઋતુઓ છે અને દરેકમાં બે-બે મહિના છે.

૩. મકર સંક્રાંતિ, મહાશિવરાત્રિ, હોળી અને પુષ્પ ડોલોત્સવ, રામનવમી અને સ્વામિનારાયણ જયંતિ, રથયાત્રા, ગુરૂ પૂર્ણિમા, રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, ઓણમ, નવરાત્રિ અને વિજ્યા દશમી, દીપાવલી, અન્નકુટ ઉત્સવ અને કુંભ મેળા જેવા ઉત્સવો લાખો હિંદુઓમાં આનંદ અને ભક્તિની હેલી લાવે છે.

## પ્રકરણ-૧૫

૧. પૌરાણિક સમયમાં સામાન્ય રીતે મંદિર ગામ અને શહેરનું કેન્દ્ર રહેતું. ભક્તિભાવ સાથે ત્યાં થતી પૂજા અર્ચનાનો ત્યાંના રહેવાસીઓના જીવનમાં આધ્યાત્મિકતાને સાંકળવામાં અગત્યનો ફાળો છે.

૨. લોકોને જે વિવિધ રીતની પૂજા અર્ચના, જે પ્રાર્થના અને ભક્તિમાં લીન કરે છે તે પ્રણામ, પૂજા, મહાપૂજા, દર્શન, આરતી, દંડવત્ પ્રણામ, પ્રદક્ષિણા, નૈવેદ્ય, નામ, જપ અને યજ્ઞ છે.

પાંચ યજ્ઞો નીચે પ્રમાણે છે :

***(અ) દેવયજ્ઞ :*** દેવોની કદર કરીને તેમને ખુશ રાખવા માટે પવિત્ર અગ્નિમાં અનાજની આહૂતિ આપી કરવામાં આવતા યજ્ઞ.

***(બ) ઋષિ કે બ્રહ્મ યજ્ઞ :*** દસ જ્ઞાનેન્દ્રિયો અને ઈશ્વર ઉપર મન કેન્દ્રિત કરવા માટે ધ્યાન અને શાસ્ત્રોનું અધ્યયન, દર્શન, આધ્યાત્મિક વ્યાખ્યાનો સાંભળવા વગેરે.

***(ક) પિતૃ યજ્ઞ :*** પોતાના વડવાઓને યાદ કરી યજ્ઞ દ્વારા ખુશ રાખવા માટે કરવામાં આવતા યજ્ઞોમાં તર્પણ અને શ્રાધ્ધની વિધિ.

***(ડ) મનુષ્ય યજ્ઞ :*** માનવજાતની નિઃસ્વાર્થ સેવા.

***(ઈ) ભૂત યજ્ઞ :*** દરેક જીવોની કાળજી અને સંવર્ધન.

## પ્રકરણ-૧૬ : પવિત્ર પ્રતીકો અને વસ્તુઓ

હિંદુ ધર્મ પાસે પવિત્ર પ્રતિકો અને વસ્તુઓનો ભવ્ય ખજાનો છે, જેનો ઉપયોગ ધાર્મિક કર્મકાંડ અને પૂજા અર્ચના તેમજ ઉત્સવોમાં તેમજ મંદિરોમાં થાય છે. તેમાંના કેટલાકની વિસ્તૃત ચર્ચા આ પ્રકરણમાં કરવામાં આવેલ છે. આમાંના કેટલાક ચોક્કસ સંપ્રદાય માટે નિશ્ચિત કરેલ છે, જ્યારે બાકીના દરેક માટે છે. આમ છતાં પણ સામાન્ય રીતે તેઓ બધા ભાવકોનો ભક્તિભાવ વધારવામાં મદદ કરે છે. પવિત્ર પ્રતિકો અને વસ્તુઓ ભક્તોને ખરાબ સંગત અને દેવોથી પણ બચાવે છે. તેમના ગહન અર્થ અને શક્તિનું મહત્ત્વ અને મૂલ્ય ભક્તોને તેમની હિંદુ ધર્મ પ્રત્યેની શ્રદ્ધાથી અતૂટ રાખે છે.

૧. માનવોની જ્ઞાનેન્દ્રિયો અને મન ઈશ્વરના દેવી સ્વરૂપને તાદશ્ય કરી શકે તેમ નથી. તેઓને સામે દેખાતું ચોક્કસ નક્કર સ્વરૂપ જોઈએ. હિંદુ ધર્મના પ્રતિકો અને વસ્તુઓ તેમનું પ્રતિનિધિત્વ કરે છે. પવિત્ર પ્રતિકો અને દેવ-દેવીઓની મૂર્તિઓ માનવ મન અને આત્માને મૂર્ત સ્વરૂપે જોવામાં મદદ કરે છે.

૨. હિંદુ ધર્મના અનેક પવિત્ર પ્રતિકો અને વસ્તુઓમાંથી કેટલાકમાં ૐ, સ્વસ્તિક, પૂર્ણ કળશ, શંખ અને બીજા અનેક પ્રતિકોનો સમાવેશ થાય છે.

૩. કેટલાક કિસ્સાઓમાં પવિત્ર પ્રતિકો વ્યક્તિને સંપ્રદાયની ઓળખ આપે છે. પરંતુ સામાન્ય રીતે તે આધ્યાત્મિક જાગરૂકતા વધારે છે અને ભક્તોને ખરાબ સંગત તેમજ ટેવોથી બચાવે છે.

***(સાભાર : આ જ પુસ્તકના પ્રકરણ-૧૧ થી ૧૬નો ભાવસંક્ષેપ)***

## જીવનનો ઉદ્દેશ

જીવનનો ઉદ્દેશ છે ગુણવિકાસ. ભગવાન સર્વગુણ સંપન્ન છે. દૂધમાં દૂધ ભળી જાય એ રીતે આપણે ભગવાન ભેળા ભળી જવાનું છે. આપણામાં જે કંઈ ગુણ હોય તેનો વિકાસ કરવો અને ભગવાનના ગુણોને ગ્રહણ કરવા.

ગુણગ્રહણ, ગુણવૃદ્ધિ, ગુણશીલન એ જ જીવનનું કર્તવ્ય છે. આખરે આપણે મહાપુરુષોને યાદ કરતી વખતે બીજું શું કરીએ છીએ? મહાપુરુષોમાંના પ્રખર ગુણને જ બિરદાવીએ છીએ ને?

હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠા, ભીષ્મની ભીષ્મપ્રતિજ્ઞા, વશિષ્ઠની સૌમ્યતા, વિશ્વામિત્રનો પુરુષાર્થ. આમ, માનવ જીવનનો ઉદ્દેશ ગુણવિકાસ જ છે.

***– વિનોબા ભાવે***

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

## મહામંડળની નવી ટીમ

ભુજ ખાતે ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ મારૂ કંસારા જ્ઞાતિ ટ્રસ્ટ લગ્નવાડીમાં અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની મળેલી બેઠકમાં આગામી ૧લી એપ્રિલ, ૨૦૧૮થી ત્રણ વર્ષ માટે નવી ટીમની ઘોષણા કરવામાં આવી હતી. જેમાં મહામંડળના મહામંત્રી તરીકે શાંતિલાલ સોની સહિત હોદ્દેદારો અને કારોબારીની ઘોષણા કરવામાં આવી હતી.

સતત બાર વર્ષ સુધી એકધારી સેવા બાદ નાદુરસ્ત તબિયતને કારણે નિવૃત્તિ જાહેર કરી ચૂકેલા શ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં નવનિયુક્ત પ્રમુખ શ્રી ભરતભાઈ બી. સોની, વિદાય લેતા મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ કે. સોલંકી, ચંદ્રકાંતભાઈ ચનાણી (કોષાધ્યક્ષ પ્રવક્તા)ની ઉપસ્થિતિ સાથે વિદાય લેતી કારોબારીના સભ્યો પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતભરમાંથી વિવિધ સ્થળોએથી આવેલા મહામંડળના સભ્યોની નોંધપાત્ર હાજરી વચ્ચે સમયસર શરૂ થયેલી બેઠકના પ્રારંભે ગત ટર્મના ખજાનચી ચંદ્રકાંતભાઈ ચનાણીએ ભુજ ખાતે ૩૧-૧૨-૨૦૧૭ના રોજ ટાઉનહોલ મુકામે વડીલ વંદના, ઉચ્ચ શિક્ષણ સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને નવા વર્ષની ઉજવણીનાં સથવારે મળેલી બેઠકમાં થયેલી વિસ્તૃત કાર્યવાહી, ખર્ચ અને બેલેન્સ અંગે બેઠકમાં ઝીણામાં ઝીણી વિગતો આવરી લઈ લેવાયેલા નિર્ણયો માટે બહાલી બહાલ કરવામાં આવતા તમામ સભ્યોએ મહોર લગાવી હતી.

બેઠકમાં નવનિયુક્ત પ્રમુખશ્રી ભરતભાઈ બગ્ગાએ નવી કારોબારીની ઘોષણા કરતાં જણાવ્યું હતું કે, આપણા સમાજમાં પ્રતિભાઓની ખોટ ન હોવાથી નવી ટીમ તૈયાર કરવામાં સખત મહેનત કરવી પડી છે. જેમાં સ્થળ, પેટા જ્ઞાતિ, કુટુંબ અને વહીવટી સરળતા ખાતર નિર્ણયો લઈ ટીમ તૈયાર કરવામાં આવી છે. સમાજમાં જેટલી પ્રતિભાઓ છે તેમની સક્રિયતા અને જ્ઞાનનો સુપેરે ઉપયોગ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, સમાજના સર્વાંગી વિકાસ માટે અન્ય સમાજમાં ચાલતી પ્રવૃત્તિનો અભ્યાસ કરી જરૂરી જણાશે તો આપણા સમાજમાં એ રચનાત્મક બાબતોને આવરી લેવામાં આવશે. પ્રમુખશ્રી ભરતભાઈએ વધુમાં કહ્યું કે, સમાજના વિકાસ માટે બધું જ કરાશે અને કામગીરી માટે ચોક્કસ દિશા નિર્દેશ તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત કાયમી આવક માટે પણ પગલા લેવાની હિમાયત કરી હતી.

વિદાય લેતા પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીએ સતત બાર વર્ષ સુધી જ્ઞાતિજનો દ્વારા મળેલા સહકાર અંગે આભારની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે તેઓ શારીરિક રીતે સમાજમાંથી નિવૃત્ત થઈ રહ્યા છે પણ માનસિક રીતે તો જોડાયેલા છે. આ તબક્કે તેમણે સમાજવાડી માટે પણ સમાજોપયોગી વાતો કરી સમાજ પરત્વે તેમની પ્રતિબધ્ધતા અને કટિબધ્ધતા ઘોષિત કરી હતી.

નિવૃત્ત મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકીએ મહામંડળ દ્વારા છેલ્લા બાર વર્ષ દરમિયાનની કામગીરીનો ચિતાર આપી પ્રત્યેક હોદ્દેદારો, કારોબારીના સભ્યો અને મહામંડળને ઉપયોગી થયા હોય એ તમામને વ્યક્તિગત યાદ કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી. જ્યારે નવનિયુક્ત મહામંત્રી શાંતિલાલ સોનીએ નવી કારોબારીની ઘોષણા કરી હતી અને દરેકનો પરિચય આપ્યો હતો.

આ પ્રસંગે મહામંડળના આગામી કાર્યક્રમો અને મહામંડળની કાર્યવાહી માટે વિવિધ જ્ઞાતિજનોએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા. અમદાવાદ જ્ઞાતિના મંત્રી અને 'જ્ઞાતિસેતુ'ના તંત્રી શ્રી અતુલભાઈ બગ્ગાએ નવી ટેકનોલોજીનો સમાજના ઉપયોગ માટે નિર્ણાયક ઘડી આવી ગઈ હોવાનું જણાવ્યું હતું. બનાસકાંઠાના અમીરગઢથી ઉપસ્થિત પ્રવીણાબેન કાનજીભાઈ સાકરીયાએ કહ્યું કે, "જ્ઞાતિના વિકાસ માટે સૂક્ષ્મ દૃષ્ટિ ધરાવતા જ્ઞાતિજનો જ સમાજનો વિકાસ કરી શકે છે. એ ન્યાયે કર્ણવીર અને કર્ણધારોની જરૂર છે."

મેડિકલ સમિતિના ચેરમેનશ્રી મહેશભાઈ ગુજરાતીએ વિદેશમાં વસતા પરિવારો સાથે કોન્ટેક્ટ કેળવી શકાય એ અંગે સૂચન કર્યું હતું. જ્યારે લખમશીભાઈ કોટડિયા, કવિતાબેન બી. બારમેડા, હરીશભાઈ બુધ્ધભટ્ટી, લતાબેન સોલંકી, ચેતનભાઈ બારમેડા, ફોરમભાઈ પોમલ અને દિલીપભાઈ બગ્ગા તથા અમૃતલાલ જે. સોલંકીએ પણ સમાજોપયોગી સૂચનો કર્યા હતા. શ્રી અમૃતલાલભાઈએ વિકાસ માટે મહામંડળ ચોક્કસ દિશા નક્કી કરે તેવું સૂચવ્યું હતું.

### વિવિધ સમિતિઓના ચેરમેન

| | | |
|---|---|---|
| મેડિકલ સમિતિ | : | મહેશ મોહનલાલ ગુજરાતી |
| શૈક્ષણિક સમિતિ | : | કમલેશ કાંતિલાલ બુધ્ધભટ્ટી |
| સાંસ્કૃતિક સમિતિ | : | મહેશ કાંતિલાલ બારમેડા |
| નાણાંકીય સમિતિ | : | હર્ષદ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી |
| મહિલા સેલ | : | કવિતા ભૌતિક બારમેડા |


### મેરેજબ્યુરો : સંપર્ક સુત્ર


નવીનભાઈ જે. બારમેડા - ભુજ    મો. ૯૫૩૭૩ ૦૫૪૦૫


## મહામંડળના હોદ્દેદારો


ભરતભાઈ બી. સોની
ભુજ
પ્રમુખશ્રી


પ્રકાશભાઈ બારમેડા
રાયપુર
ઉપપ્રમુખશ્રી


લખમશીભાઈ કોટડિયા
નખત્રાણા
ઉપપ્રમુખશ્રી



ધનજીભાઈ બુધ્ધભટ્ટી
કોઠારા
ઉપપ્રમુખશ્રી


સુનીલભાઈ પોમલ
ભુજ
ઉપપ્રમુખશ્રી


ફોરમભાઈ પોમલ
અંજાર
ઉપપ્રમુખશ્રી


શાંતિલાલ બારમેડા
મહામંત્રી


અતુલભાઈ બગ્ગા
અમદાવાદ
મંત્રી


ભરતભાઈ બગ્ગા
ગાંધીધામ
મંત્રી


દિલીપભાઈ બગ્ગા
ભુજ
ખજાનચી



નીતિનભાઈ હેડાઉ
ભુજ
સહખજાનચી-સંગઠન મંત્રી


ડોલરભાઈ સાકરીયા
મુંબઈ
સહમંત્રી


દિનેશભાઈ બારમેડા
તલોદ
સહમંત્રી


પીંકીબેન પોમલ
અંજાર
સહમંત્રી


સુરેશભાઈ સોલંકી
માંડવી
સહમંત્રી


હિતેશભાઈ ગુજરાતી
ભુજ
સહમંત્રી

## કારોબારી સભ્યો

| | | | | | |
|---|---|---|---|---|---|
| રસીક ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | ભુજ | અનિલ કેશવલાલ છત્રાળા | ભુજ | કિરણ કાનજી હેડાઉ | અંજાર |
| મુળજી નાનાલાલ કટ્ટા | ભુજ | રાહુલ ચંદ્રકાંત ચનાણી | ભુજ | સુરેશભાઈ પુરુષોત્તમ વીસાપરમાર | અંજાર |
| હર્ષદ ધનજી બુધ્ધભટ્ટી | ભુજ | ભરતભાઈ હિંમતલાલ બગ્ગા | ભુજ | ભરત ભગવાનદાસ બુધ્ધભટ્ટી | અંજાર |
| ચેતન ઈશ્વરલાલ બારમેડા | ભુજ | કમલેશ કાંતિલાલ બુધ્ધભટ્ટી | ભુજ | ભરત ચત્રભુજ કંસારા | અંજાર |
| ભરતભાઈ હરીવદન પરમાર | ભુજ | શૈલેષ હંસરાજભાઈ કંસારા | ભુજ | પ્રકાશ નરોત્તમ બારમેડા | અંજાર |
| નવીનચંદ્ર જમનાદાસ બારમેડા | ભુજ | સુધાબેન બુધ્ધભટ્ટી | ભુજ | મનનભાઈ પોમલ | અંજાર |
| એકતા હેમેન્દ્રભાઈ કટ્ટા | ભુજ | મહેશ કાંતિલાલ બારમેડા | માધાપર | અનિલ શંકરલાલ બગ્ગા | અંજાર |
| હિતેશ ધીરજલાલ પોમલ | ભુજ | હસમુખ કેશવલાલ મૈચા | માધાપર | ચમનભાઈ વેલજી સોલંકી | ભચાઉ |
| મહેશ મોહનલાલ ગુજરાતી | ભુજ | મુકેશ લખમશી બારમેડા | માધાપર | પ્રવીણ લક્ષ્મીદાસ સોલંકી | માંડવી |
| કવિતા ભૌતિક બારમેડા | ભુજ | શિવલાલભાઈ મૈચા | અંજાર | વિનોદ વલ્લભદાસ હેડાઉ | માંડવી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| હરેશ નેણશી બારમેડા | માંડવી | શાંતિલાલ મુળજી સાકરિયા | રવાપર | ગિરીશ કાંતિલાલ બારમેડા | અમદાવાદ |
| હીરાલાલ મોહનલાલ સોની | નખત્રાણા | મોહનભાઈ હીરજીભાઈ બારમેડા | દયાપર | નીતિનભાઈ ચંદ્રકાંત ઝવેરી | મુંબઈ |
| ગંગારામભાઈ કટ્ટા | નખત્રાણા | રમેશભાઈ રતનશી સોની | નલિયા | પ્રવીણાબેન કાનજીભાઈ સાકરિયા | અમીરગઢ |
| જેરામ ધનજી બુધ્ધભટ્ટી | નખત્રાણા | પ્રવીણ જી. બુધ્ધભટ્ટી | વર્માનગર | કૌશિક કિશોરભાઈ કટ્ટા | રાયપુર |
| ભોગીલાલ હંસરાજ કટ્ટા | નખત્રાણા | અશ્વિન ગોરધનદાસ સોની | | પ્રફુલચંદ્ર મગનલાલ બારમેડા | રાયપુર |
| શંભુભાઈ વિશ્રામ બુધ્ધભટ્ટી | નખત્રાણા | કિશોરભાઈ કલ્યાણજી ભુત | જામનગર | અતુલ પ્રેમજી સોલંકી | તલોદ |
| દિનેશ (ઠાકરશી) શંભુભાઈ સોની | નખત્રાણા | ખુશાલ બારમેડા | રાજકોટ | શશીકાંત મનસુખભાઈ બારમેડા | ગઢશીશા |
| હિંમતલાલ શિવજી બારમેડા | વિથોણ | જયેશભાઈ કલ્યાણજી સોલંકી | અમદાવાદ | | |
| વી. વી. કટ્ટા | નેત્રા | મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા | અમદાવાદ | | |

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજ - રાયપુર

## શ્રી જગન્નાથપુરી અને શ્રી બાબાધામની યાત્રા
## વરિષ્ઠ જ્ઞાતિજનો પ્રત્યે સમર્પિત લાગણીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતું રાયપુર જ્ઞાતિ ઘટક

આપણી જ્ઞાતિનાં રાયપુર ઘટકના વરિષ્ઠ જ્ઞાતિજનો માટે શ્રી જગન્નાથપુરી અને શ્રી બાબાધામની ધાર્મિક યાત્રાનું આયોજન થયું હતું. રાયપુરથી અંદાજે ૧૬૦૦ કિ.મી. દૂરની આ સફળ યાત્રાની વિશિષ્ટતા એ છે કે તે સંપૂર્ણપણે નિઃશુલ્ક યાત્રા હતી. આશરે ૬૪ જેટલાં વરિષ્ઠ જ્ઞાતિજનોને લઈ તા. ૩-૪-૨૦૧૮થી પ્રારંભ થઈ તા. ૭-૪-૨૦૧૮નાં પૂર્ણ થયેલ આ યાત્રા અંતર્ગત ઉડીસાનાં શ્રી જગન્નાથપુરી અને ઝારખંડના શ્રી બાબાધામ જ્યોતિર્લિંગના દર્શન અને સામૂહિક પૂજાવિધિનો પાંચ દિવસીય લાભ જ્ઞાતિજનોએ અર્જીત કર્યો હતો.

તા. ૩જી એપ્રિલના રોજ રાયપુરથી રેલવેના એ.સી. કોચથી આશરે ૧૦૦૦ કિ.મી.નો સફર કરી શ્રી જગન્નાથપુરી પહોંચેલ જ્ઞાતિજનો માટે એ.સી. રૂમમાં ઉતારા વ્યવસ્થા તેમજ ચા-નાસ્તો અને ભોજન વ્યવસ્થા ઉપરાંત વિવિધ ભક્તિધામોનાં દર્શન અને પૂજાવિધિ માટે વાહન વ્યવસ્થા પહેલેથી જ સુનિશ્ચિત કરવામાં આવેલ. તા. ૫મી એપ્રિલના રોજ શ્રી જગન્નાથપુરીથી શ્રી બાબાધામ માટે રવાનગી અને ત્યાં પણ તમામ સુવિધાઓનું પૂર્વ આયોજન થયેલ હોવાથી આ યાત્રાનો લાભ તમામ વરિષ્ઠ જ્ઞાતિજનોને સાંપડ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે, આપણી જ્ઞાતિમાં વડીલો પ્રત્યે વંદનીય ભાવના સતત સેવાતી રહી છે. વડીલ વંદના જેવા આયોજનો આ બાબતે સાક્ષી પુરાવે છે ત્યારે રાયપુર ઘટકે આ બાબતે હજુ એક ડગ આગળ વધી આ આયોજન સુપેરે પાર પાડ્યું છે. પણ અત્રે હજુ પણ ગૌરવ લેવા સરીખી બાબત એ છે કે આ સંપૂર્ણ નિઃશુલ્ક આયોજનનો સંપૂર્ણ ખર્ચ એક જ જ્ઞાતિ પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે, જે જ્ઞાતિ પ્રત્યે સમર્પિત લાગણીનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ રાયપુરના માજી પ્રમુખ, આપણા મહામંડળના માજી ઉપપ્રમુખ એવા શ્રી પ્રફુલભાઈ મગનભાઈ બારમેડા અને રાયપુર યુવક મંડળનાં સક્રિય કાર્યકર શ્રી પરેશભાઈ મગનભાઈ બારમેડા દ્વારા આ યાત્રાનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવવામાં આવ્યો છે. તો જ્ઞાતિ કાર્યકરોએ આ આયોજન સફળતાપૂર્વક સંપન્ન કરવા યોગદાન આપ્યું હતું. વરિષ્ઠ જ્ઞાતિજનો શ્રી મગનભાઈ બારમેડા, શ્રી કિશોરભાઈ કટ્ટા, શ્રી ગીરધરભાઈ બારમેડા, શ્રી ચંદ્રકાંતભાઈ બારમેડા, શ્રી જુગલભાઈ બારમેડા, શ્રી પ્રભુલાલભાઈ પોમલ (દુર્ગ), શ્રીમતી રંજનબેન મગનભાઈ બારમેડા, શ્રીમતી સુશીલાબેન બીજલાણી, પુષ્પાબેન બારમેડા, હીનાબેન બારમેડાએ અન્ય ૫૦ જેટલાં જ્ઞાતિજનોને હરક્ષણ ભક્તિમય માહોલ પૂરું પાડ્યું હતું. રાયપુર ઘટકના માજી પ્રમુખ શ્રી જયેશભાઈ પોમલ અને માજી મંત્રી શ્રી કમલેશભાઈ બીજલાણીનાં માર્ગદર્શન હેઠળ યુવા કાર્યકર ચિરાગકુમાર પોમલ, મયંકકુમાર બુધ્ધભટ્ટી, જીગ્નેશકુમાર બારમેડા, ભાવિકકુમાર મૈચા, દીપેશકુમાર મૈચા અને નિખિલકુમાર કટ્ટાએ ખડેપગે રહી સંપૂર્ણ યાત્રા દરમ્યાન સમગ્ર વ્યવસ્થા સંભાળી વડીલોની સેવાનો લાભ મેળવ્યો હતો. યાત્રા સંપન્ન થતાં રાયપુર પહોંચતા શ્રી જયસુખભાઈ પોમલ પરિવાર દ્વારા સર્વેને આવકારી શુભકામનાઓ પાઠવી શ્રી પ્રફુલભાઈ બારમેડા પરિવારનું પુષ્પગુચ્છ અને શાલ વડે બહુમાન કરી અભિનંદન પાઠવ્યા હતા.

*– કમલેશ બીજલાણી*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ

## ચિત્ર સ્પર્ધા

બાળકોમાં રહેલી ચિત્રકળાને ઉજાગર કરવા અને દેશભક્તિમાં રંગવા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન ગણતંત્ર દિવસ ૨૬મી જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધા માટે અલગ વય જુથ પાડવામાં આવ્યા હતા અને તેના વિષયો પણ જુદા જુદા હતા. (૧) ૪થી ૬ વયજૂથના બાળકોને આપણા રાષ્ટ્રધ્વજમાં કેવળ રંગોની પૂરવણી જ કરવાની હતી. (૨) ૭ થી ૯ વયજૂથના બાળકોને રાષ્ટ્રય પક્ષી મોર અથવા રાષ્ટ્રીય ફૂલ કમળ દોરીને રંગ પૂરવણી કરવાની હતી. (૩) ૧૦થી ૧૨ વયજૂથના બાળકોને લહેરાતો ધ્વજ દોરી સલામી આપતો બાળક દોરી રંગોની પૂરવણી કરવાની હતી.

આમ સમગ્ર વાતાવરણ દેશભક્તિમય થઈ ગયું હતું. જ્યારે જજ શ્રી નિર્ણય લઈ રહ્યા હતા ત્યારે બાળકોને મનગમતા ગીત ગાવા આમંત્રણ અપાયું. ત્યારે પણ બાળકોએ દેશ ભક્તિના ગીતો ગાયા હતા અને યશ્વી નામની નાની બાળાએ જન ગણ મન... ગાયું ત્યારે સમગ્ર વાતાવરણ દેશભક્તિમય થઈ ગયું અને ઉપસ્થિત જ્ઞાતિજનોએ પણ પૂર્ણ સમ્માન સાથે રાષ્ટ્રગીતમાં સૂર પુરાવ્યો હતો. આમ, દેશભક્તિમય વાતાવરણથી કાર્યક્રમનો અનેરો રંગ જામ્યો હતો.

રીટાબેન બુધ્ધભટ્ટી, માલતીબેન ગુજરાતી અને ભાવનાબેન ચનાણી પ્રોજેક્ટ ચેરપર્સન રહ્યા હતા. બિંદુબેન રાજેશભાઈ પોમલ અને ઈશિતા હર્ષભાઈ બુધ્ધભટ્ટીએ જજ તરીકે સેવા આપી હતી. મહિલા મંડળના પ્રમુખ રોહિણીબેન બુધ્ધભટ્ટીએ મહેમાનોને આવકાર્યા હતા. રીટાબેન બુધ્ધભટ્ટી, પ્રીતિબેન બગ્ગા, ઈંદીરાબેન સોલંકી, જયશ્રીબેન છત્રાળા, ભાવનાબેન બુધ્ધભટ્ટી, શીતલબેન, ખુશાલીબેને વ્યવસ્થા સંભાળી હતી. લતાબેન સોલંકીએ સમસ્ત કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. વિજેતા બાળકોને મહિલા મંડળ તરફથી ઈનામો આપવામાં આવ્યા હતા અને રીટાબેન બુધ્ધભટ્ટી અને ભાવનાબેન ચનાણી તરફથી બાળકોને પ્રોત્સાહિત કરાયા હતા.

**વિજેતા બાળકો :**

***૪થી ૬ વયજૂથ*** :(૧) મહેક ખાખી, (૨) એન્જલ બુધ્ધભટ્ટી

***૭થી ૯ વયજૂથ*** :(૧) રૂદ્ર પોમલ, (૨) દેવાંશ પોમલ

***૧૦થી ૧૨ વયજૂથ:***(૧) ડોલી સોની, (૨) પ્રાચી બુધ્ધભટ્ટી.

૦થી ૧ વયજુથના બાળકોની ગોઠણભેર ચાલવાની સ્પર્ધાએ પણ આકર્ષણ જમાવ્યું હતું. વિજેતા બાળકોને ડૉ. સાહેબ અને શોભનાબેનના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા.

જયશ્રીબેન છત્રાળા, ઈંદીરાબેન સોલંકી, માલતીબેન, રીટાબેન, દયાબેન, ખુશાલીબેન, શીતલબેને વ્યવસ્થા સંભાળી હતી. કાંતિલાલભાઈ બારમેડા અને જયેષ્ઠાબેન બારમેડાએ ઉપરોક્ત કાર્યક્રમ ગોઠવી આપવા જહેમત ઉઠાવી હતી. લતાબેન સોલંકીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અરૂણાબેન બુધ્ધભટ્ટીએ આભારવિધિ કરી હતી.

## હેલ્ધી બેબી કોમ્પિટીશન

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ દ્વારા બાળકોના સ્વાસ્થ્ય પ્રત્યે જાગરૂકતા કેળવવાના શુભ હેતુ સાથે બાળ તંદુરસ્તી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજીવભાઈ મલીક સાહેબે ડૉક્ટર તરીકે સેવા આપી હતી. મલીક સાહેબે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે બાળકોને સમયસરનું રસીકરણ અનેક રોગોથી બચાવે છે. બાળકોની રસીકરણની ફાઈલ જોઈ તેમણે ખુશી વ્યક્ત કરી હતી અને માતાઓને અભિનંદન આપતા જણાવ્યું હતું કે સોની સમાજની માતાઓ પોતાના બાળકોના સ્વાસ્થ્ય અંગે જાગરૂક છે. મિડવાઈફ શોભનાબેને બાળકોને અપાતી વિવિધ રસીઓ વિશે જાણકારી આપી હતી અને કઈ રસીથી કયા કયા રોગો સામે રક્ષણ મળે છે તે પણ સમજાવ્યું હતું. મમતા કાર્ડ વિશે જાણકારી આપી હતી અને સરકારી દવાખાનામાં રસીકરણ કરાવવા પર ભાર મૂક્યો હતો.

અરુણાબેન બુધ્ધભટ્ટી અને ભાવનાબેન બુધ્ધભટ્ટીએ ચેરપર્સન તરીકે સેવા આપી હતી. ઉપપ્રમુખ સુધાબેન બુધ્ધભટ્ટીએ મહેમાનોને આવકાર્યા હતા. મહિલા મંડળના સભ્યો દ્વારા મહેમાનોનું મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર તમામ બાળકોને મહિલા મંડળ તરફથી અને માવજી શિવજી પરિવાર તરફથી ગીફ્ટ આપવામાં આવી હતી.

---

આ દુનિયામાં સિગારેટ વગર ચાલી શકે.
છતાં પણ સિગારેટ બનાવનારો કરોડપતિ છે.
આ દુનિયામાં દારૂ વગર ચાલી શકે
છતાં પણ દારૂ બનાવવાવાળો કરોડપતિ છે.
આ દુનિયામાં મોબાઈલ વગર ચાલી શકે
છતાં પણ મોબાઈલ બનાવવાવાળો કરોડપતિ છે.
***પરંતુ એક ભયાનક સત્ય એ છે કે –***
આ દુનિયામાં અન્ન વગર ના ચાલી શકે
છતાં પણ અન્ન પેદા કરવાવાળો કિસાન ગરીબ અને કંગાળ છે.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર

તાજેતરમાં મળેલ ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં સર્વાનુમતે નીચે જણાવેલ હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ.

નવીનચંદ્ર ઇંદરજી હેડાઉ - પ્રમુખશ્રી
હસમુખલાલ બાબુલાલ બુધ્ધભટ્ટી - ઉપપ્રમુખશ્રી
કિરણ શંભુલાલ બુધ્ધભટ્ટી - મંત્રીશ્રી
નીલેશ જગદીશ બારમેડા - સહમંત્રીશ્રી
બિપીન મનસુખલાલ પરમાર - ખજાનચી
મનસુખલાલ રામજી બુધ્ધભટ્ટી - સહ ખજાનચી

**કારોબારી સભ્યો :**

રાજેશ અમૃતલાલ કટ્ટા — નરેન્દ્ર નારાણદાસ બારમેડા
પરષોત્તમ ખેંગાર સોલંકી — શાંતિલાલ મુરજી બગ્ગા
ચંદ્રકાંત વેલજી સોની — મેહુલ વસંતલાલ સોલંકી
ચેતન વેણીલાલ કટ્ટા — સુનીલ હસમુખલાલ કટ્ટા
વેલજી પ્રાણલાલ સાકરિયા — આનંદ પ્રવીણભાઈ બારમેડા
પ્રકાશ ધનજી બારમેડા — શશીકાંત જેન્તીલાલ બુધ્ધભટ્ટી
વિજય રમણિકલાલ બુધ્ધભટ્ટી — ઘનશ્યામ ધારશી પરમાર
દિનેશ જેઠાલાલ પોમલ

**સલાહકાર સમિતિ :**

દિનેશ લીલાધર પોમલ - ચેરમેન
નવીનચંદ્ર ઇંદરજી હેડાઉ - સભ્ય
ભરત મુરજી ચૌહાણ - સભ્ય
રામજી હરિલાલ સોલંકી - સભ્ય
વસંતલાલ પ્રેમજી કટ્ટા - સભ્ય
મનસુખલાલ વેલજી પરમાર - સભ્ય

**ફ્રેન્ડ્સ ગ્રુપ :**

નીલેશ જગદીશ બારમેડા - પ્રમુખ

**મહિલા સત્સંગ મંડળ :**

વિજયાબેન રમેશ મૈચા - પ્રમુખ




**નવીનચંદ્ર હેડાઉ**
**પ્રમુખશ્રી**




**હસમુખલાલ બુધ્ધભટ્ટી**
**ઉપપ્રમુખશ્રી**




**કિરણ બુધ્ધભટ્ટી**
**મંત્રીશ્રી**



**નીલેશ બારમેડા**
**સહમંત્રીશ્રી**



**બિપીન પરમાર**
**ખજાનચી**



**મનસુખલાલ બુધ્ધભટ્ટી**
**સહ ખજાનચી**



**દિનેશ પોમલ**
**ચેરમેન - સલાહકાર સમિતિ**

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'જ્ઞાતિસેતુ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮


૧. પ્રકાશનનું સ્થળ : અમદાવાદ
૨. પ્રકાશનનો ગાળો : દ્વિ-માસિક
૩. મુદ્રકનું નામ : મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ
મુદ્રકની રાષ્ટ્રીયતા : ભારતીય
મુદ્રક સ્થાન : માધવી પ્રિન્ટીંગ પ્રેસ, અનુપમ સિનેમાની પાસે, ખોખરા, અમદાવાદ.
૪. પ્રકાશકનું નામ : મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ
પ્રકાશકની રાષ્ટ્રીયતા : ભારતીય
પ્રકાશકનું સરનામું : શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ, C/o ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ.
૫. સંપાદકનું નામ : હંસરાજ ઠાકરશી કંસારા
સંપાદકની રાષ્ટ્રીયતા : ભારતીય
સંપાદકનું સરનામુ : ૧/૧/૪, સમૃદ્ધિ ફ્લેટ, રામેશ્વરમ એપાર્ટમેન્ટ, દેવ આશિષ સંકુલ પાસે, રામદેવનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
૬. અખબારની માલિકી : શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ
સરનામું : C/o. ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ.

હું મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

*અમદાવાદ, તા. ૨૦-૩-૨૦૧૮* — *મનુભાઈ વી. કોટડીયા ,પ્રકાશક અને મુદ્રક - 'જ્ઞાતિસેતુ'*

# શ્રી મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ - રાયપુર

**કિરણ બારમેડા - અધ્યક્ષ**




ફાગણોત્સવ એટલે પૂરબહાર ખીલેલી વસંતનું સ્વાગત અને વસંત એટલે આરંભ... મધુર પળોનો...

કોયલની મીઠી કૂકથી શરૂ થતી સવાર, કેસુડાના ચટક રંગોથી લદાયેલી પ્રકૃતિ, જમીન પર ભીનો લીલો ગાલીચો બિછાવે છે.

વસંતમાં પ્રકૃતિ વિવિધ રૂપરંગ સાથે પોતાની છટા વિખેરીને સુંદર મનભાવન ચિત્રોથી આપણા જીવનમાં પ્રસન્નતા અને ઉમંગનો સંચાર કરે છે.

એવી જ ફાગણોત્સવ એટલે કે હોળીનો તહેવાર મનાવીને આપણા મનમાં ઉઠતા તરંગો, ઉમંગો અને પ્રસન્નતા બધાની સાથે વહેંચીએ છીએ.

આવો જ અવસર રાયપુરના આંગણે ઉજવાયો. તા. ૧૬-૩-૨૦૧૮ના શ્રી મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળ - રાયપુર દ્વારા કિરણબેન બારમેડાની અધ્યક્ષતામાં 'હોળી મિલન અને વુમન્સ ડે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક મહિલા સદસ્યોનું સ્વાગત ગુલાલ ટીકા અને ગુલાબનું ફૂલ આપીને કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત 'વુમન્સ ડે' પર પ્રખ્યાત મહિલા વ્યક્તિત્વો પર આધારિત પ્રશ્નાવલી દ્વારા કરવામાં આવી હતી. આ પ્રશ્નાવલી વંદનાબેન પોમલ દ્વારા બનાવવામાં આવેલ હતી. ત્યારબાદ મહિલાઓ અને બાળકો માટે કલરફુલ મ્યુઝીકલ ગેમ રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલાઓના 'પાસિંગ ધ પાસ વિથ ટ્વિસ્ટ ગેમ' ભામિની બારમેડા અને વિદ્યા બારમેડા દ્વારા રમાડવામાં આવી હતી. જેમાં પ્રથમ : ભાવનાબેન કટ્ટા અને દ્વિતીય : મંજુબેન મૈચાએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

બાળકોની 'કલરફુલ મ્યુઝીકલ ગેમ રાઉન્ડ' ગેમનું આયોજન કિરણબેન બારમેડા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ : કુ. પૂર્વી બારમેડા અને દ્વિતીય : કુ. દિશા બારમેડા વિજેતા બન્યા હતા.

આ વર્ષે હોળી મિલનના કાર્યક્રમથી પહેલા રાયપુર મહિલા મંડળના પૂર્વ મહિલા અધ્યક્ષોને એમના સમયમાં કરેલા કાર્યક્રમો અને એમના વિચારો, સુઝાવો વિશે પૂછવામાં આવ્યું હતું. જેમના જવાબો એમણે લેખિત રૂપે આપવાના હતા.

હોળી મિલન વખતે દરેક પૂર્વ પ્રેસિડેન્ટે પોતાના અનુભવો, વિચારો અને સુઝાવો વ્યક્ત કર્યા હતા. જે મહિલા મંડળના આગામી કાર્યકાળ દરમ્યાન ખૂબ જ અગત્યના સાબિત થશે.

આ કાર્યક્રમમાં દરેક મહિલા સદસ્યોને સુંદર ડ્રેસઅપમાં તૈયાર થઈને આવવાનું હતું. જેમાંથી જજ દ્વારા ચાર મહિલા સદસ્યોનું "ડ્રેસઅપ કોન્ટેસ્ટ" માટે ચયન થયું હતું.



જેમાં એમને 'સુંદરતા શું છે?' પર સવાલ પૂછવામાં આવ્યો હતો. એમના જવાબો પરથી એમને જજ કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ : નીતાબેન બુધ્ધભટ્ટી અને દીક્ષાબેન બારમેડા રહ્યા. દ્વિતીય : જયશ્રીબેન બુધ્ધભટ્ટી અને બિંદ્રાબેન બુધ્ધભટ્ટી રહ્યા હતા.

અંતમાં તંબોલા ગેમ અને પછી પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં હોળી મિલનમાં પધારેલા વડીલો : દયાબેન ભગતલાલ બારમેડા, કોકીલાબેન નરભેરામભાઈ બુધ્ધભટ્ટી, પુષ્પાબેન રસિકલાલભાઈ પોમલ, મુક્તાબેન મનોહરલાલભાઈ પોમલ દ્વારા સૌને પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પાયલબેન પોમેલ કર્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા ઉર્વશીબેન બારમેડા, દીપીકાબેન કટ્ટા, હર્ષાબેન પોમલ, યાશિકા સોની, યોગીતા બારમેડા, ખ્યાતિ કટ્ટા અને શોભા બારમેડાએ પણ ભરપૂર સહયોગ આપ્યો હતો.

આમ આ વસંતોત્સવ રાયપુર મહિલા મંડળ માટે એક નવા અનુભવ સાથે ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો.

મહિલા સદસ્યોએ બહોળી સંખ્યામાં પધારી, મહિલા મંડળ કમિટીને પૂર્ણ સહયોગ આપ્યો. જેમાં ઇલાબેન સોની અને હેમલતાબેન સોનીએ સ્વેચ્છાએ કાર્યક્રમ માટે ફૂલો મોકલાવ્યા હતા.

સર્વે સદસ્યોએ મહિલા મંડળ કમિટીને કાર્યક્રમની સફળતા માટે પ્રશંસાની સાથે અભિનંદન આપ્યા હતા.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ પશ્ચિમ કચ્છ મહિલા મંડળ

**હેતલ બી. સોની - મંત્રી**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ પશ્ચિમ કચ્છ મહિલા મંડળ તથા નખત્રાણા યુથ ગર્લ્સ દ્વારા તા. ૧૧-૩-૨૦૧૮ને રવિવારના રોજ આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આનંદ મેળો પશ્ચિમ કચ્છ (નખત્રાણા, લખપત અને અબડાસા) — એમ ત્રણ તાલુકાઓમાં યોજવામાં આવ્યો હતો.







આનંદ મેળાનું ઉદ્‌ઘાટન અને દીપ પ્રાગટ્ય નખત્રાણા ગ્રામ પંચાયતના સરપંચ જીજ્ઞાબેન ભરતભાઈ બગ્ગા, કચ્છ જીલ્લા પંચાયતના પ્રમુખ કૌશલ્યાબેન માધાપરિયા અને સમાજના મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ મેળામાં પશ્ચિમ કચ્છના પ્રમુખ ધનજીભાઈ બુધ્ધભટ્ટી, અખિલ ભારતીય મહામંડળના પ્રમુખ અને નખત્રાણા સમાજના પ્રમુખ એવા ભરતભાઈ બેચરદાસ બગ્ગા, પશ્ચિમ કચ્છ યુવક મંડળના પ્રમુખ પ્રફુલભાઈ કંસારા, લખમશીભાઈ કોટડિયા, હેમેન્દ્રભાઈ કંસારા, ગંગારામભાઈ સોની, ભોગીલાલભાઈ કટ્ટા, મહેશભાઈ બુધ્ધભટ્ટી, નખત્રાણા મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન બગ્ગા, નલિયા મહિલા મંડળના પ્રમુખ ભામિનીબેન, નલિયા જ્ઞાતિના પ્રમુખ પરેશભાઈ, ભુજ જ્ઞાતિના પ્રમુખ જગદીશભાઈ ચૌહાણ, હર્ષદભાઈ બુધ્ધભટ્ટી વગેરે મહાનુભાવોએ હાજરી આપી હતી.

મેળામાં નખત્રાણા, નલિયા, દયાપર, નેત્રા, ટોળિયા, કોટડા, વિથોણ બધા ગામોમાંથી ૨૨ સ્ટોલ હતા. આ સ્ટોલમાં અવનવી ખાણીપીણીની આઈટમ, સાડી, ક્લોથ્સ, જ્વેલરી, પર્સ, હેન્ડિક્રાફ્ટ, સ્ટેશનરી, અગરબત્તી જેવી અનેક આઇટમો હતી. ખાણીપીણીમાં મિસળ પાંવ, પાણી પુરી, ચાટ પુરી, મસાલા ટોસ, દાબેલી, બેકરીની અલગ અલગ આઈટમો, અબડાસા તાલુકાના તેરા ગામના પ્રખ્યાત ખાખરા, અથાણા અને મસાલા, આઈસ્ક્રીમ, ફરસાણની અલગ અલગ બધી આઈટમો હતી. તેથી મેળામાં ત્રણ તાલુકાના સમાજના લોકો, નખત્રાણા સમાજના લોકો અને પધારેલ સૌ મહેમાનોએ મેળાની ખૂબ મજા માણી હતી અને દરેક સ્ટોલનો સારો એવો વેપાર પણ થયો હતો.

સમાજમાં આવા સારા પ્રોગ્રામ અવારનવાર થતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી અને જ્યારે પણ સમાજની જરૂર પડે તો સાથ-સહકાર સમાજ તરફથી મળશે એવું સમાજના લોકોએ મહિલા મંડળને જણાવ્યું હતું.

આ મેળાના આયોજનમાં મહિલા મંડળ તથા યુથ ગર્લ્સને પશ્ચિમ કચ્છ યુવક મંડળના પ્રમુખ એવા પ્રફુલ્લભાઈ કંસારાનો ખૂબ જ સારો સાથ સહકાર મળ્યો હતો. એ માટે અમે મહિલા મંડળ તથા યુથ ગર્લ્સ પ્રફુલ્લભાઈનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલા મંડળના દરેક સભ્યો તથા યુથ ગર્લ્સના દરેક સભ્યોએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

- ★ *એ જ સંબંધ કાયમી જળવાય છે કે જેની શરૂઆત જરૂરિયાતથી નહીં પરંતુ દિલથી થયેલ હોય.*
- ★ *આત્મવિશ્વાસ સૌથી મોટી મૂડી છે અને તેના આધારે ઘણા જંગ જીતી શકાય છે.*
- ★ *તમારી ભૂલો સાબિત કરે છે કે તમે કોઈ વસ્તુ માટે પ્રયત્ન તો કરતા જ રહો છો, તમે નિષ્ક્રિય નથી બેસી રહ્યા.*

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ (મુંબઈ)

ડોલર જે. સાકરીયા

★ તા. ૨૪-૧૨-૨૦૧૭ના રોજ શ્રીમતી ચાંદનીબેન બીજલાનીના ઘેર મિટીંગ થઈ તેમાં નીચે પ્રમાણે ચર્ચા થઇ.


જ્ઞાતિનું સ્નેહમિલન તા. ૫-૧૧-૨૦૧૭ના થયેલ ત્યારે નવા પ્રમુખ માટે ચૂંટણી યોજવામાં આવેલ. ચૂંટણીમાં શ્રી દીપકભાઈ સાકરીયા અને શ્રીમતી ચાંદનીબેન બીજલાનીએ ભાગ લીધેલ. દીપકભાઈને ૧૮ મત અને ચાંદનીબેનને ૩૮ મતો મળેલ. ચાંદનીબેને ૨૦ મતની સરસાઇથી જીત મેળવેલ.

કારોબારી સમિતિ નીચે પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| ચાંદનીબેન વી. બીજલાણી | - | પ્રમુખ |
| વીણાબેન બી. બગ્ગા | - | ઉપપ્રમુખ |
| ડોલર જે. સાકરીયા | - | મંત્રી |
| મનસુખભાઈ એસ. બુધ્ધભટ્ટી | - | સહમંત્રી |
| રાજેશભાઈ એન. સાકરીયા | - | ખજાનચી |
| ભાવિક જે. બીજલાણી | - | સહ ખજાનચી |

★ તા. ૧૮-૩-૨૦૧૮ના દિવસે શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મુંબઈની કારોબારી સમિતિની મિટીંગ યોજવામાં આવેલ. આ સમિતિની દેખરેખ હેઠળ ગુડી પડવાના શુભ દિવસે 'શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મુંબઈ યુવક મંડળ'ની સ્થાપના કરવામાં આવેલ છે. સર્વાનુમતે નીચે પ્રમાણે કમિટી નીમવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ભાવિક જયેશ બીજલાની | - | પ્રમુખ |
| હેમંત લવજીભાઈ લાયચા | - | ઉપપ્રમુખ |
| મયુર ભરતભાઈ બુધ્ધભટ્ટી | - | મંત્રી |


ભાવિક બીજલાની


હેમંત લાયચા


મયુર બુધ્ધભટ્ટી

# સમસ્ત કંસારા સમાજ - ગુજરાત

## સમસ્ત કંસારા સમાજ - ગુજરાત સંચાલિત છાત્રાલયો

સમસ્તા કંસારા સમાજની સને ૨૦૦૦-૨૦૦૧માં ભાવનગર મુકામે કારોબારી મિટીંગમાં સમાજના ઉદ્દેશો પૈકી શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસની સગવડતા મળી રહે તે માટે વડોદરા તથા અમદાવાદ ખાતે છાત્રાલયની જરૂરિયાતનો પ્રસ્તાવ કારોબારી દ્વારા સર્વાનુમતે વધાવી લીધેલ હતો અને વડોદરા તથા અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓ માટે છાત્રાલય ચાલુ કરવાનું નક્કી કરેલ હતું.

- **વડોદરા છાત્રાલય :**

શ્રી વસંતભાઈ કંસારા દ્વારા ગોરવા રોડ, વડોદરા ખાતે આવેલ દિવ્ય સંકુલમાં આવેલ બ્લોક નં. ૧૦૬ સમાજને સમર્પિત કરેલ હતો અને બ્લોક નં. ૧૦૭ શ્રી નારાયણભાઈ વી. પરવાર (નોવેલ સોઈંગ મશીન - પૂના) અને શ્રી કિશોરભાઈ પી. બુધ્ધ (જામનગર, ગૌ.વા. ભાવેશના સ્મરણાર્થે)ના સહયોગથી સમસ્ત કંસારા સમાજના નામે ખરીદવામાં આવેલ હતો અને તેની સંચાલન વ્યવસ્થા વસંતભાઈ કંસારા તથા મુરબ્બીશ્રી ગોવિંદભાઈ એમ. પરમારના સૂચન મુજબ માતુશ્રી હીરાબેન કંસારા ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલ હતી અને તેનું સંચાલન તે ટ્રસ્ટને સોંપવામાં આવેલ હતું.

ત્યારબાદ બે વર્ષના સમય બાદ સમાજની પ્રવૃત્તિથી પ્રેરાઇને શ્રી કનૈયાલાલ રાઘવજી સોલંકી અને શ્રી બકુલભાઈ નાગરદાસ સોલંકી દ્વારા તેમના પ્રેમચંદ રાઘવજી ચેરીટેબલ ટ્રસ્ટ - મુંબઈ થકી બ્લોક નં. ૧૦૮ અર્પણ કરેલ.

તા. ૩-૭-૨૦૦૦ના રોજ વડોદરા મુકામે મળેલ કારોબારીની મિટીંગમાં વિદ્યાર્થી ભવનની વિધિવત્ શરૂઆત કરી વિદ્યાર્થીઓને સુવિધા માટે નિઃશુલ્ક પલંગ, ગાદલા, ઓશીકા, ચાદર, પંખા, લાઇટ, કબાટ વગેરે સવલત આપવામાં આવશે. સંસ્થાના નિભાવ ખર્ચ જેવા કે લાઈટ બીલ, વેરા બીલ કે અન્ય વહીવટી ખર્ચને પહોંચી વળવા દર માસે વિદ્યાર્થી દીઠ રૂ. ૩૦૦/-ની ફી લેવાનું નક્કી કરવામાં આવ્યું.

શરૂઆતમાં પ્રાયોગિક ધોરણે ગેસ, ચૂલા, બોટલ, રસોઈના વાસણ પણ વસાવેલ. પરંતુ બે વર્ષના ટૂંકા ગાળામાં આ પ્રયોગ કારગત ન નીવડતાં સુવિધા બંધ કરેલ.

પ્રથમ દિવસે જ બે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ. (૧) હીરેનભાઈ ક્રિષ્નાલાલ ગોરડિયા - શિહોર. તેઓએ સી.એ.ની પદવી મેળવી મુંબઈ ખાતે તેઓની ઓફિસ

સ્થાપીને ત્યાં સ્થાયી થઈ ગયા છે. (૨) યજ્ઞેશભાઈ કિશોરભાઈ ગોરડિયા - શિહોર. તેઓએ કોમ્પ્યુ. એન્જી.નો કોર્સ કરી વડોદરા ખાતે મે. મહેન્દ્ર ટ્રેક્ટર્સમાં સર્વિસ મેળવી વડોદરા સ્થાયી થયા.

વર્ષ ૨૦૦૧-૦૨ દરમ્યાન આવા ઘણા બધા વિદ્યાર્થી પોતાની યોગ્યતા મુજબ કારકિર્દી બનાવી શક્યા છે. ઉદાહરણ સ્વરૂપ : (૧) મેહુલ સી. પરમાર (મીઠાપુર) - ઓટોકેડ, (૨) દિવ્યેશ એન. ડેલાવાળા (રાજકોટ) - બી.ઈ. કેમિકલ, (૩) કૌશલ એમ. કાચા (મીઠાપુર) - ઓટોકેડ, (૪) હિમાંશુ સી. શેઠ (ગોધરા) - ડિઝાઈન એન્જીનીયર, (૫) આશિષ એન. સોલંકી (માધાપર) - પ્રિન્ટીંગ ડિઝાઈન, (૬) શિરીષ પી. પાવાગઢી (જામનગર) - બી.કોમ., (૭) પીયુષ આર. કંસારા (વાંસવાડા, રાજસ્થાન) - બી.કોમ., (૮) મયુર સી. વાઢેર (રાજુલા) - બી.કોમ. અત્યાર સુધીના દરેક ગોળ - ઘટકના લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સમાજે માત્ર મંચ પૂરો પાડેલ છે.

વર્ષ ૨૦૦૩-૦૪માં વિદ્યાર્થીઓની સુવિધા માટે પે-ફોનની સવલત કરવામાં આવેલ. પરંતુ ક્રમશઃ મોબાઈલના આગમનથી તેને બે વર્ષના ટૂંકા ગાળામાં બંધ કરવાની ફરજ પડેલ.

ટ્રસ્ટ સાર્વજનિક હોવાથી અને પૂરતી જગ્યાઓ ન ભરાવાના કારણે અન્ય જ્ઞાતિઓનાં વિદ્યાર્થીઓને પણ હંગામી ધોરણે પ્રવેશ આપવામાં આવેલ. વર્ષ ૨૦૧૫-૧૬થી સમાજના વિદ્યાર્થીઓ માટે રૂા. ૬૦૦/- અને અન્ય જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે રૂા. ૮૦૦/-નો નિભાવણી ખર્ચ પ્રતિ માસ લેવાય છે.

વર્ષ ૨૦૦૮-૨૦૦૯થી વર્ષ ૨૦૧૪-૧૫ના ગાળામાં સરેરાશ ૩૦ વિદ્યાર્થીઓએ સદર સેવાનો લાભ પ્રાપ્ત કરેલ.

વર્ષ ૨૦૧૫-૧૬થી અત્યાર સુધીમાં લગભગ સરેરાશ ૧૮ વિદ્યાર્થી વિદ્યાર્થી ભવનનો લાભ લઈ રહ્યા છે. સમાજના દરેક ગોળ - ઘટકના વિદ્યાર્થીઓએ તેમની જરૂરિયાત મુજબ સદર સેવાનો લાભ મેળવવો જ જોઈએ.

સ્ટેશન - ડેપોથી માત્ર ૩ કિ.મી.ના અંતરે મુખ્ય માર્ગ સાથે જોડાયેલ બસ રીક્ષાના રાત્રિના ૧૧ વાગ્યા સુધી અવિરત સેવા, પોસ્ટ ઓફિસ, પેટ્રોલ પંપ, બેંક, બજાર અને મૉલની સમીપ છે. ટિફીન સેવા નજીકમાં પ્રાપ્ત છે.

પ્રથમ પ્રવેશ સમાજના વિદ્યાર્થીઓ માટે જ રાખીને ઉમદા ભાવનાને નજર સમક્ષ રાખીને હાલમાં સંસ્થાનો વહીવટ વોર્ડન તરીકે શ્રી કનુભાઈ શાં. કંસારા સુઆયોજીત રીતે સંભાળી રહ્યા છે. વિદ્યાર્થી ભવનનો હિસાબ સંસ્થામાં રહી, ભણી ચૂકેલા માજી વિદ્યાર્થી શ્રી વિનય પી. પાવાગઢી માનદ્ રીતે તેઓની સેવા પૂરી પાડી રહ્યા છે.

- **વ્રજલાલ કેશવજી કંસારા વિદ્યાર્થી ભવન, કંસારા હોસ્ટેલ - અમદાવાદ**

સને ૨૦૦૩માં અમદાવાદમાં કંસારા બોર્ડિંગની શરૂઆત થઈ. કંસારા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ લેવા માટે, અમદાવાદમાં અભ્યાસની સાથે સાથે રહેવાનો અભાવ હતો અને આમેય ગુજરાતમાં શિક્ષણ શાખા-પ્રશાખાનું સ્થાન વધારે છે તેમજ ઉચ્ચ શિક્ષણ અભ્યાસ માટે અમદાવાદ વધુ અનુકૂળ રહે છે.

શિહોર - અમદાવાદના કંસારા જ્ઞાતિના અગ્રણી દાતાશ્રી, મોભી, ઉદ્યોગપતિ એવા શ્રી વ્રજલાલ કેશવજીભાઈ ગોરડિયા પરિવારના સભ્યો એવા શ્રી બટુકભાઈ કંસારા, શ્રી મહેન્દ્રભાઈ કંસારા, શ્રી મુકુંદભાઈ કંસારાએ પોતાનું માંડવીની પોળ, દેવની શેરીમાં આવેલું સંપૂર્ણ સુવિધાવાળું ૭ રૂમ, ૨ મોટા હોલ, ૨ અગાસીવાળું હવેલી ટાઈપ પૈતૃક મકાન કંસારા જ્ઞાતિના વિદ્યાર્થીઓને કોઈપણ ચાર્જ લીધા વગર સમસ્ત કંસારા સમાજના દ્વારા આ કંસારા હોસ્ટેલની શરૂઆત કરવામાં આવી હતી.

'કંસારા હોસ્ટેલ'માં રહીને અભ્યાસ પૂર્ણ કરી અમદાવાદમાં જ ઘણા વિદ્યાર્થીઓ સારી કંપનીમાં નોકરી મેળવીને પોતાના પરિવારને મદદરૂપ થયા છે. અમોને મળતી જાણકારી મુજબ આવા વિદ્યાર્થીઓ જે સમાજની હોસ્ટેલમાં રહીને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અમદાવાદ, ગુજરાતમાં, ગુજરાત બહાર સારી કંપનીમાં નોકરી મેળવી પી.જી.માં રહીને પરિવાર, કંસારા સમાજ અને 'કંસારા હોસ્ટેલ'નું નામ રોશન કરી રહ્યા છે. કંસારા હોસ્ટેલના ટ્રસ્ટીશ્રીઓ હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે હર્ષ અને આનંદની લાગણી અનુભવે છે. હોસ્ટેલમાં રહેવા માટેનો ચાર્જ લેવામાં આવતો નથી. ■

★ *વિશ્વાસ સ્ટીકર જેવો હોય છે, બીજી વખત પહેલા જેવો નથી ચોંટતો.*

★ *પીરસાયેલા ભોજનમાં આપણે ખામીઓ શોધવામાં વ્યસ્ત હોઈએ ત્યારે કેટલાક લોકો સૂકા રોટલા માટે ભગવાનનો આભાર માનતા હોય છે.*

★ *સાવ સરળ શબ્દ 'સમજણ'ને કાનો માત્ર ક્યાં છે? છતાં તે બધામાં નથી હોતી.*

## શિહોર દ્વી-દશાબ્દિ મહોત્સવ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ



સમસ્ત કંસારા સમાજને વીસમું વર્ષ શરૂ થઈ ગયું છે. તા. ૭-૧-૨૦૧૮ના રોજ શિહોર મુકામે સમાજની દ્વિ-દશાબ્દિ ઉજવાઈ.

સમાજની દ્વિ-દશાબ્દિ ઉજવણીના કાર્યક્રમને બે વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. સવારના કાર્યક્રમમાં અતિથિ વિશેષશ્રીઓનું સ્વાગત અને વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું.

કાર્યક્રમનો બીજો ભાગ એટલે સાંસ્કૃતિક કાર્યક્રમ. સાંસ્કૃતિક કાર્યક્રમની સમગ્ર જવાબદારી કલ્યાણી મહિલા ટ્રસ્ટની હોય છે.

સાંસ્કૃતિક કાર્યક્રમના કન્વીનર તરીકે શિહોરના ભાવનાબેન કળથીયા અને ભાવનગરના અનિલાબેન સંઘવીની નિમણુંક કરી. તેમની સાથે જશુબેન અને ઉર્મિલાબેને ચર્ચા કરી કાર્યક્રમનું આયોજન કર્યું.

પ્રથમ ગુજરાતના જુદા જુદા શહેરોમાંથી કૃતિઓનું એકત્રીકરણ કરવાનું કામ હતું. ભાવનાબેન અને અનિલાબેને જુદા જુદા શહેરોનો સંપર્ક કરી બાવીસ (૨૨) કૃતિઓ એકત્રિત કરી. સમાજનો કાર્યક્રમ સૌરાષ્ટ્રમાં થવાનો હોઈ, ટ્રસ્ટની બહેનોનો આગ્રહ હતો કે પ્રોગ્રામમાં રાસ અને ગરબાનું પ્રભુત્વ વધારે હોય., કલ્યાણી ટ્રસ્ટના આપેલા નિયમોનું પાલન થાય.

સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ચાર વાગે શરૂ થયો. તેમાં શિહોર, ભાવનગર, મહુવા, સાવરકુંડલા, અમદાવાદ, વઢવાણ, જૂનાગઢ, રાજકોટ, હળવદ, બોટાદ વગેરે શહેરોએ ભાગ લીધો. જેમાં મોટાભાગની કૃતિઓ રાસ અને ગરબાની હતી. તેમાં ટીપ્પણી, ઘડા, તલવાર, દાંડિયા વગેરે રાસ હતા. આ કૃતિઓ ખૂબ જ ઉત્કૃષ્ટ હતી. મોરના ઈંડાંને ચીતરવા ન પડે તેમ કંસારા સમાજની દીકરીઓ કલાના ક્ષેત્રમાં ઉત્તમ રજૂઆત જ કરે. એક એક કૃતિ એકબીજાને આંબી જાય તેવી હતી. કદાચ ટિકિટ શોમાં પણ આવી કલા ન જોવા મળે.

દીકરીઓ પોતે ખૂબ જ મહેનત કરી, પૈસા ખર્ચી અને કૃતિઓ તૈયાર કરે છે અને તે રજૂ કરે છે. તેથી તેમને પ્રોત્સાહન આપવાની જવાબદારી પણ સમાજની છે. સમાજના પ્રેક્ષકો તરફથી રૂા. ૪૦,૦૦૦ જેટલી રકમ એકત્રિત થઈ. કાર્યક્રમમાં ૨૨૭ કલાકારોએ ભાગ લીધો હતો. એકત્રિત કરેલી રકમ આ કલાકારો વચ્ચે સરખે ભાગે વહેંચી દેવામાં આવી.

૨૨૭ જેટલા કલાકારોની બાવીસ કૃતિઓને સ્ટેજ ઉપર સમયનો વ્યય કર્યા વગર રજૂ કરવી, તે ખૂબ જ અઘરી બાબત છે અને તે માટે આયોજન કરવું ખૂબ જ જરૂરી છે.

ટ્રસ્ટના પ્રમુખ જશુબેન અને મંત્રી ઉર્મિલાબેને કામની વહેંચણી કરી, દરેક ટ્રસ્ટીઓને જવાબદારી સોંપી હતી. કલ્યાણી ટ્રસ્ટના કુલ ૨૦ ટ્રસ્ટીઓમાંથી ૧૫ ટ્રસ્ટીઓ હાજર હતા.

કાર્યક્રમનું સંચાલન કરવાનું કામ ઉર્મિલાબેન અને ભાવનાબેન કળથીયાને સોંપ્યું. કૃતિઓ સ્ટેજ પર ક્રમબધ્ધ, શિસ્તબધ્ધ, સમયસર રજૂ થાય તે જવાબદારી જશુબેન કંસારા, પ્રેમલતાબેન ખોખરા અને આશાબેન ખાખીએ ઉપાડી. ઈનામની રકમ એકત્રિત કરવાની જવાબદારી અનિલાબેન સંઘવી અને મુક્તાબેને નિભાવી. સાઉન્ડ પાસે કૃતિઓની સીડી, પેન ડ્રાઈવ વગેરે ક્રમબધ્ધ પહોંચે અને રજૂ થાય તે જવાદારી રાજકોટના નીનાબેન છત્રાળા અને ઉષાબેન (કપડવંજ) નિભાવી. ગુણવંતીબેન, પલ્લવીબેને સ્ટેજને શણગારવામાં મદદ કરી.

કાર્યક્રમ માટે બનાવેલું સ્ટેજ શણગારવાનું કામ પણ કલ્યાણી ટ્રસ્ટના શિરે હતું. ઉષાબેન કંસારા (અમદાવાદ) એ ટ્રસ્ટની બહેનોના સહકારથી સ્ટેજને ખૂબ જ સુંદર રીતે શણગાર્યું. ઉષાબેને ખૂબ જ કલાત્મક નમૂનાથી સ્ટેજ શણગાર્યું.

દ્વિ-દશાબ્દિ કાર્યક્રમના સાંસ્કૃતિક કાર્યક્રમને બહેનોએ સુંદર રીતે આયોજન કરીને સફળ બનાવ્યો.

ખાસ તો જે બહેનોએ પોતાની કૃતિઓ રજૂ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો તે કલાકાર દીકરીઓ અને તેમને પ્રોત્સાહિત કરનાર સર્વેનો કલ્યાણી ટ્રસ્ટ અને સમસ્ત કંસારા સમાજ આભાર માને છે.

આપણી કલાકાર દીકરીઓને ખૂબ ખૂબ અભિનંદન.

# વિશ્વ પ્રસિધ્ધ 'ગૂગલ' કંપનીમાં ઉચ્ચ પદે પુનિત સોનીની નિયુક્તિ

**જયેશ ઘડિયાળી**

આજના સ્માર્ટફોન અને કોમ્પ્યુટરના યુગમાં 'ગૂગલ'ના નામથી સૌ કોઈ પરીચિત છે. દુનિયાની કોઈપણ જાણકારી જોઈતી હોય તો ફક્ત એક સર્ચ કરો અને જાદુઈ લાકડીની જેમ તરત જ તેના રીઝલ્ટના હજારો - લાખો વિકલ્પ હાજર થઈ જાય. 'ગૂગલ' સાથે જ સંલગ્ન એવા 'યુ ટ્યુબ', 'જી મેઈલ', ઍન્ડ્રોઇડ અને 'ગૂગલ મેપ'ને ધ્યાનમાં લઈએ તો 'ગૂગલ'ની પ્રોડક્ટ આપણા રોજબરોજના જીવનમાં વણાઈ ગઈ છે.



શ્રી પુનિત સોની





૧૯૯૮માં લેરી પેજ અને સર્ગેઇ બ્રિન નામક બે વિદ્યાર્થીઓ દ્વારા શરૂ થયેલ આ કંપની આજે ઇન્ટરનેટ સંબંધિત સેવાઓમાં વિશ્વની અગ્રણી કંપની બની ગયેલ છે. ગૂગલની પેટન્ટ કંપની 'આલ્ફાબેટ' છે, જેની છત્રછાયા હેઠળ યુ ટ્યુબ અને ગૂગલ જેવી અનેક પેટા કંપની ચાલે છે.

ગૂગલના હાલના વડા CEO સુંદર પિચાઈ મૂળે ભારતીય છે. હવે ગૂગલ સાથે આપણા સમાજના એક પ્રતિભાવાન યુવાન પુનિત સોની જોડાઈ ગયા છે. તેઓ ગૂગલના એક વિશેષ વિભાગ 'WAYMO'માં સિનિયર એન્જિનિયર તરીકે જોડાયા છે. તેઓ અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો ખાતે ગૂગલના હેડ ક્વાર્ટરમાં કાર્યરત છે.

મૂળ અંજારના પુનિત સોનીએ અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાંથી ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન વિષય સાથે એન્જિનિયરીંગમાં B.Tech. કરેલ. ત્યારબાદ તેઓએ અમેરિકાની નોર્થ કેરોલીના સ્ટેટ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ ડિગ્રી (M.S.) પ્રાપ્ત કરેલ. શરૂઆતથી શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ પ્રતિભા ધરાવતા પુનિતને ભારતમાં અભ્યાસ દરમ્યાન નેશનલ ઍવોર્ડ્સ પ્રાપ્ત થયેલ. તેમના ઉચ્ચ મેરીટને ધ્યાનમાં લઈ તેમને અમેરિકન યુનિવર્સિટી તરફથી અભ્યાસ દરમ્યાન વિશેષ સ્કોલરશીપ આપવામાં આવેલ. અભ્યાસ બાદ તેમણ કેલિફોર્નિયા સ્થિત પ્રતિષ્ઠિત Qualcom કંપની સાથે જોડાઈ કોમ્યુનિકેશન ક્ષેત્રે પોતાનું યોગદાન આપેલ.

પુનિત સોનીની રૂચિ હંમેશાં ટેકનોલોજી ક્ષેત્રે થતાં નવા સંશોધન તરફ રહેલ. તેઓ અભ્યાસ દરમ્યાન પણ અમેરિકામાં એક રીસર્ચ પ્રોજેક્ટ સાથે જોડાયેલ. તેમની આ નવી સિધ્ધિ બાબતે 'સેતુ' સાથે વાતચીતમાં તેઓએ જણાવેલ કે ગૂગલની WAYMO કંપનીમાં ડ્રાઈવર વગરની કાર તૈયાર કરવા પર વિશેષ સંશોધન ચાલે છે. ટૂંક સમયમાં સંપૂર્ણ ઓટોમેટીક કાર કોઈ પણ ડ્રાઈવર વગર અમેરિકાના રોડ પર ચાલતી જોવા મળશે. હાલમાં તેનું સંશોધન કાર્ય અંતિમ તબક્કામાં છે અને તે કારનું લાખો કિલોમીટરમાં ટેસ્ટ ડ્રાઈવ થયેલ છે. આ સંશોધન કાર્ય વિશ્વના ટોચના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા કરવામાં આવે છે ***ટીમમાં એકમાત્ર ભારતીય તરીકે જોડાવાનું એમને ગૌરવ છે.***

વિશ્વની ટોચની ટેકનોલોજી કંપનીમાં આપણા સમાજના યુવાન, સિનિયર એન્જિનિયરપદે નિયુક્ત થયા છે તે આપણા સમગ્ર સમાજ માટે ગૌરવપ્રદ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી પુનિત સોની મહામંડળ તથા અમદાવાદ જ્ઞાતિના માનદ્ મંત્રી તથા 'જ્ઞાતિસેતુ'ના તંત્રી શ્રી અતુલ સોની તથા હંસાબેન સોનીના સુપુત્ર છે.

પુનિત સોનીના પત્ની મંજરી સોની પણ અમેરિકાની પ્રતિષ્ઠિત ટેકનોલોજી કંપનીમાં સિનિયર એન્જીનિયર છે. પુનિતની બંને બહેનો ફાઈનાન્સ વિષય સાથે MBA થયેલ છે. સમગ્ર પરિવાર સુશિક્ષિત અને સમર્પિત છે. પુનિત સોની તેમની સર્વે સફળતાનો યશ તેમના માતા-પિતા તથા પરિવારને આપે છે.

પુનિત સોનીને 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન તથા તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના.

***જો કોઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કે કારકિર્દી અંગે માર્ગદર્શનની જરૂર જણાય તો પુનિત સોનીના ઈ-મેઈલ punitxsmart@gmail.com પર સંપર્ક કરી શકાશે.***


# આપણાં પરિવારો – (૧૭)

**પ્રેષક : તુલસીદાસ કંસારા - અમદાવાદ**




મારા હાઈસ્કૂલના સમયના મિત્ર, મારાથી છ મહિના મોટા અને પોણી સદીની યાત્રા પૂર્ણ કરવા માટેના છેલ્લા વરસમાં પ્રવેશની તૈયારી કરતા, એકાદેક વરસ જ્ઞાતિ બોર્ડિંગ - ભુજમાં રહીને સાથે અભ્યાસ કરનાર અને એક અલગારી કલાકાર શ્રી કાંતિલાલ વેલજીભાઈ સોની (મૂળ અંજાર - કચ્છ, છેલ્લા પાંચેક દાયકાઓથી સ્થાયી અમદાવાદ) સાથે આજે બે'ક કલાક ગાળ્યા ત્યારે થયેલ વાર્તાલાપના અંશો... (Dt. 28th Nov., 2017)

પ્રથમ તો મેં તેના હાથમાં જ્ઞાતિસેતુ-૨૦૧૫નો વિરાસત અંક આપ્યો. તેણે પાનાઓ ફેરવ્યા અને મૈચા અટક પરાસર ગોત્રમાં આવેલ છે તે જાણ્યું. ત્યારબાદ વાર્તાલાપ ચાલ્યો અંજાર અને ભુજની યાદોનો અને વાતવાતમાં મેં પૂછ્યું, 'તારી પાસે વેલજીમામા (તેમના પિતાશ્રી)ના વંશવેલા તેમજ તેમના દાદા, વડદાદા વગેરેની વંશાવળી છે?'



કાને ઓછું સાંભળવાની તકલીફ અને તેમના પત્ની કંચનભાભીના કહેવા પ્રમાણે કાને પહેરવાના ચાર-પાંચ મશીન ઘરમાં હોવા છતાં પણ તે કાને લગાડવાના અણગમાને કારણે, વાર્તાલાપમાં ખૂટતી કડીઓ મેળવવામાં ભાભીશ્રી મદદ કરતા હતા. તેમણે મારો સવાલ ફરીથી દોહરાવ્યો અને મેં અગમચેતી વાપરી એક ડાયરીના કોરા પાના ઉપર લખી આપ્યું ત્યારે જે માહિતી કાંતિલાલ તેમાં લખી તે મારી અપેક્ષાએ ખૂબ જ મર્યાદિત હતી, જે અહીં આપેલ છે.

- **કરમશી**
  - **ખીમજી**
    - **વેલજી મામા**
      - **ઇશ્વરલાલભાઈ**
        - **અવની**
        - **કોમલ**
        - **અનિલા**
        - **પાયલ**
        - **શ્રદ્ધા**
      - **કાંતિલાલ**
        - **પ્રશાંત**
        - **શીતલ**
      - **જેન્તીલાલ**
        - **x**
      - **હરીશ**
        - **અંકિતા**
        - **મીચેશ**
        - **ધવલ**

અહીં ત્રીજી પેઢીએ દર્શાવેલ અંજારના વેલજીમામાની માત્ર કચ્છની આપણી જ્ઞાતિમાં જ નહીં, પરંતુ સારાયે ગુજરાતમાં નામના હતી. મોરારજી દેસાઇ નાણાં પ્રધાન હતા તે સમયમાં સુવર્ણ નિયમન ધારા સામેની લડતમાં પ્રમુખ નામ હતું. તેમના પુત્રો ઈશ્વરલાલભાઇ અને જેન્તીલાલ હયાત નથી અને હરીશભાઈ અંજારમાં સોના-ચાદીનું કામકાજ કરે છે. આ ઉપરાંત વેલજીમામાની બે દીકરીઓ કાંતાબેન અને સૌથી નાની દીકરી નિર્મળા જેના લગ્ન નડિયાદમાં નાગરદાસ વનમાળીદાસ કંસારા (પવાર)ના નાના ભાઈ શાંતિલાલભાઈના દીકરા યોગેશભાઈ સાથે કરેલ અને યોગેશભાઈનું હાલમાં જ અવસાન થયેલ છે. તેમની દીકરીએ એમ.સી.એ. કરેલ છે અને તે અમદાવાદમાં સારા એવા હોદ્દા પર મલ્ટી નેશનલ કંપનીમાં કામ કરે છે, જ્યારે તેનો નાનો ભાઈ નડિયાદમાં અભ્યાસ કરે છે.

***આ જાણકારી મેળવ્યા બાદ મેં બીજો સવાલ કર્યો કે, પ્રશાંત, તેમનો પુત્ર શું કરે છે?***

પ્રશાંતે ઓસ્ટ્રેલિયામાં ચાર વરસનો ફિટનેસ અને લાઇફ સ્ટાઇલનો કોર્સ કરેલ છે અને અત્યારે તે નારાણપુરા ક્રોસ રોડ પાસે, ૪૦૧, રત્ના હાઈસ્ટ્રીટમાં પોતાનું જીમ ચલાવે છે અને તે જ જગ્યાની ઉપર ટેરેસમાં યોગા શીખવાડવાનું પ્લાનિંગ કરી રહેલ છે. તેમની પુત્રીના લગ્ન વડોદરા ખાતે થયેલ છે અને તે તેના પતિ સાથે ઓસ્ટ્રેલિયામાં મેલબોર્નમાં રહે છે.

ફરી કાંતિલાલ વાતોએ વળગ્યા અને અમે જૂની યાદોમાં

સરી ગયા. બોર્ડિંગમાં મેટ્રિકના વરસ દરમિયાન દાખલ થયેલ, ત્યારે જ તે બોર્ડિંગ ભુજમાં નવી શરૂ કરવામાં આવેલ. સવારે વહેલા ઉઠીને કૂવામાંથી પાણી સીંચીને નહાવાનું, સરપટના નાકા બહાર ખાસડાના મેદાનમાં પોલીસના પરેડ ગ્રાઉન્ડ તરફ ફરવા જવાનું. ત્યાં પોલીસ માટે બનાવવામાં આવેલ કસરત માટેના સાધનોનો ઉપયોગ કરી કસરતો કરવાની, પરત આવી દંડ-બેઠક વગેરે. આમ કસરત તે તેનો પ્રથમ શોખ. ટ્રેક સ્પોર્ટસમાં પુટિંગ શોટ, ૧૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ વગેરે મેદાની રમતોમાં ન માત્ર ભાગ લેવો, પરંતુ રાજ્ય કક્ષાએ સ્કૂલ તરફથી પ્રથમ નંબર લાવવો તે તેનું કામ. અંજારના સ્મશાનમાં મિત્રો સાથે શિયાળાની ઠંડીમાં પ્રાતઃકાળ પહેલા પહોંચી જવું. ત્યાંની અગાસી પર ચાદર ઓઢીને ઓચિંતા ઊભા થઈને તે રસ્તેથી પસાર થતાં ગાડાવાળાઓને ભૂત જેવી કિકીયારી કરીને ડરાવવા જેવી તેની બચપણની હરકતો. અખાડો તેનું બીજું ઘર. મેટ્રિકની પરીક્ષા પાસ કરી. ચિત્રકામમાં હાથ ખૂબ જ સારો. જે તેમના પિતાશ્રી વેલજીભાઈની સમાજસેવાને કારણે તેમના સંપર્કમાં આવેલ મુંબઈ રહેતા મથુરાદાસ પોમલની નજરમાં આવ્યું અને તેમણે કાન્તિલાલને પોતાને ત્યાં રહીને જે.જે. સ્કૂલ ઓફ આર્ટમાં અભ્યાસ કરવા આમંત્રણ આપ્યું. પરંતુ આ ખુલ્લા આકાશમાં ઉડવાનો સ્વભાવ ધરાવનાર અલગારી જીવને તે માફક ન આવ્યું. તેથી ત્યાંથી અમદાવાદ તરફ પ્રયાણ કર્યું.



અમદાવાદમાં ગવર્નમેન્ટ ડિપ્લોમા ઈન આર્ટ અને ત્યારબાદ આર્ટ માસ્ટરનો કોર્સ કર્યો (GDA, AM) અને સ્કૂલમાં કળાના શિક્ષક તરીકે પાંત્રીસ વરસની નોકરી બાદ નિવૃત્ત થયા. ભણતરના પાંચ વરસ દરમિયાન ફોટોગ્રાફીના શોખને કારણે આપણી જ જ્ઞાતિના શ્રી શ્યામભાઈ પાસે તેમના સ્ટુડિયોમાં થોડા સમય માટે કામ કર્યું અને ત્યારબાદ ફ્રિલાન્સ ફોટોગ્રાફી કરી. સંગીતમાં ફલ્યુટ - વાંસળી પર હાથ અજમાવ્યો અને એકાદ ડઝન વાંસળીઓ અત્યારે પણ તેમના ઘરમાં જોવા મળે. ન માત્ર વાંસળી, પરંતુ મૂળ કારીગરનું ડીએનએ એટલે સંગીતના ઓરગન જેવું ઇલેક્ટ્રોનિક સાધન જાતે બનાવેલ. કેમેરામાં પણ અનેક જાતના મિનિ કેમેરા તેમજ અન્ય કેમેરા જાતે એસેમ્બલ કરવાનો શોખ. આમ અનેક ક્ષેત્રે કાર્ય કરતાં અમદાવાદના મિત્રોના સંપર્કમાં આવતાં, નાટકોમાં પણ ભાગ લીધેલ અને એક્ટીંગ કરેલ. અનેક જગ્યાએ પોતાના ચિત્રોના પ્રદર્શન ૧૫-૧૫ દિવસો સુધી ચાલેલ. હિમાલયમાં ટ્રેકિંગ કરવાનું હોય કે તરવાની હરીફાઈમાં ભાગ લેવાનો હોય, કાંતિલાલ ત્યાં હોય. પીરપંજાલ રેન્જમાં માર્ગન પાસ અને કુલુ મનાલીનો ચંદ્રખાની પાસ અમે સાથે યુથ હોસ્ટેલ તરફથી ૧૯૭૯ અને ૧૯૮૫માં દસ દસ દિવસોના કેમ્પમાં ટ્રેક કરેલ તેની યાદો ફરી તાજી કરી.





આ લખનારનું બે વરસની ટ્રેનિંગ પછી અમદાવાદમાં પોસ્ટીંગ થતાં કાંતિલાલ સાથેની દોસ્તી તાજી થયેલ અને અમારા ૧૯૭૯ના ટ્રેક પછી તેણે જૈન ધર્મને અનુસરતા અને સિવિલ હોસ્પિટલમાં પરીચારિકાઓના હેડ મેટ્રન તરીકે સેવાઓ આપતા કંચનબેન જોડે સાદાઈથી હિંદુ મહાસભાની ઓફિસમાં લગ્ન કરેલ. જેમાં સાક્ષી તરીકે ઉપસ્થિત રહેવાનું અહોભાગ્ય અમને મળેલ.

કાંતિલાલે જે જે ક્ષેત્રોમાં કામ કર્યું ત્યાં માન મરતબો અને ઇનામ - ઇકરામો પ્રાપ્ત કર્યા. તેમની પાસે સો કરતાં વધારે કપ, સર્ટીફિકેટો અને એવોર્ડોનો ઢગલો છે. જેમાંથી તેણે તેના ઘરના ડિસ્પ્લેમાં રાખેલ થોડા નમૂનાનો ફોટોગ્રાફ અહીં મૂકેલ છે.

***આવી બહુમુખી પ્રતિભાના ધની શ્રી કાન્તિલાલને મેં છેલ્લે આપણા સમાજ માટે તેઓ શું વિચારે છે તેવું પૂછતાં તેણે પોતાના વિચારોને આ પ્રમાણે વાચા આપેલ.***

આપણા સમાજમાં કલાકારો ઘણા



છે, જેમાંના કેટલાકના નામો તેણે ગણાવ્યા જેવા કે ચંદ્રશેખર કંસારા (નડિયાદવાળા), વૃંદાવન સોલંકી, તનસુખ મૈચાની દીકરી અને દીકરો, વિનોદભાઈ પરમાર (એન.આઈ.ડી.માં પ્રોફેસર હતા) વગેરે. તેમના વિશે આપણા મેગેઝીનમાં એક અલગ વિભાગ કરીને લખવું જોઈએ જેથી યુવા પેઢીને પ્રેરણા મળે. તે સિવાય તેમણે કચ્છમાં અગાઉ સોની અને કંસારાની નાત અલગ હતી, કંસારાઓની પરિસ્થિતિ નબળી હતી અને સોનીઓ થોડા ઉપરની કક્ષામાં હતા. ત્યારબાદ આ બંને નાતો એકત્રિત થઈ અને તેઓ કંસારા-સોની કહેવાયા. સૌરાષ્ટ્રમાં પહેલેથી જ કંસારાઓની વસતિ વધારે હતી અને સોની કામ કરનારા અન્ય જ્ઞાતિના હતા. તેથી ત્યાં આવો પ્રશ્ન નહોતો અને ત્યાં ભણતરનું પ્રમાણ વધારે છે તેથી તેઓ ઓબીસીમાં સમજે છે. જ્યારે આજે પણ ભુજ અને કચ્છમાં સોના-ચાંદીના કામ વધારે હોવાથી અને ભણતરનું પ્રમાણ ઓછું હોવાથી ત્યાંના લોકો ઓબીસીનું મહત્ત્વ સમજતા નથી. તેથી સમસ્ત કંસારા સમાજની ઓબીસીની ઝુંબેશમાં જોડાતા નથી વગેરે બાબતો વિશે તેમના વિચારો જાણી, વાતો કરીને મેં તેમની વિદાય લીધી. વિદાય લેતા પહેલાં કંચનભાભીએ ફેસબુક પર શેર કરેલ ગાંધીજીનું આ પેઇન્ટિંગ દેખાડ્યું અને કહ્યું કે તે ઍવોર્ડ જીતેલ પેઇન્ટિંગની મોટી લાઇફ સાઇઝ કોપી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મણિનગરના મકાનના પ્રવેશદ્વારની દીવાલ પર મૂકેલ છે.

## ભરથેરા અટક ધરાવતો એકમાત્ર પરિવાર

વીરપુર એટલે રાજકોટથી નેશનલ હાઈવે નંબર ૨૭ ઉપર જૂનાગઢ જતાં, વચ્ચે જૂનાગઢથી લગભગ ૪૮ કિ.મી. પહેલાં આવતું બાપા જલારામનું ગામ અને યાત્રા સ્થળ. અહીં લગભગ દસેક દાયકા પહેલાં શિહોરથી ગોંડલ અને ત્યાંથી વીરપુર આવી સ્થાયી થયેલા પરિવાર એટલે આ ભરથેરા દ્વારકાદાસ મોહનલાલનો પરિવાર. આજે તો આ પરિવારના બે ભાઈઓ – જમનાદાસ અને કરશનદાસના કુટુંબો ત્યાં નજદીકમાં જ આવેલ પાંચેક ઘરોમાં સ્થાયી છે અને વીરપુરમાં અનેક વ્યવસાયો જેવા કે કંસારાઓનો મૂળ ધંધો વાસણનો વેપાર, રીપેરીંગ, ફોટોગ્રાફી, ગેસ્ટ હાઉસ, પ્રોવિઝન સ્ટોર્સ અને કોન્ટ્રાક્ટ્સ તેમજ નોકરીમાં વ્યસ્ત છે.

મારી તાજેતરની (તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૧૮)ની જૂનાગઢની ઉડતી મુલાકાત દરમિયાન આ યાત્રાધામના દર્શન સાથે આપણા એકમાત્ર પરિવારની મુલાકાત લેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. ત્યારે, વિપુલ વાસણ ભંડારમાં જ શ્રી નીતિનભાઈ, તે અમદાવાદમાં રહેતા શ્રી ગિરીશભાઈ બારમેડા (મેડિકલ - એઇડ પ્રોજેક્ટના પ્રણેતા અને પ્રથમ દાતા)ના વેવાઈ, ને મળવાનું થયું. સાથે તેમના મોટાભાઈ રસીકભાઈ, જે શિક્ષક તરીકે હવે છેલ્લા પાંચેક વરસથી નિવૃત્તિ ભોગવી રહેલ છે તે પણ મળ્યા અને તેમણે તેમના પિતરાઈભાઈ રાજુભાઈ કંસારાને પણ બોલાવી લીધેલ. રાજુભાઈ પાસે તેમના પરિવારની માહિતીનો ભંડાર હતો. તેથી ચાની ચૂસકીઓ લેતાં તેમની સાથેની વાતચીતમાંથી તેમના પરિવાર વિશે આ માહિતી મળી. મારો પ્રથમ સવાલ તો મારી જિજ્ઞાસા સંતોષવા માટેનો હતો કે આ ભરથેરા અટક ક્યાંથી આવી?

તેના જવાબમાં તેમણે કહ્યું કે મૂળ તો રાજસ્થાનમાં અમારા વડવાઓ ચાંદી પર નકશીકામ કરવાનું કામ કરતા હતા. જેને ત્યાં ભરતકામ જેવું નામ આપવામાં આવતું. જેમાંથી આ કામ કરનારા કારીગરો ભરતેરા અને અપભ્રંશ થઇને ભરથેરા તરીકે ઓળખાવા લાગ્યા. આમ તો અમારી મૂળ ઓળખ, ભાટે કહેલું તે મુજબ સોલંકી હતી પરંતુ તેમના કામકાજને કારણે તેઓ ભરથેરા કહેવાવા લાગ્યા. તેમણે આ અટક જાળવી રાખેલ છે પરંતુ તેમના વ્યવસાયના સાઇન બોર્ડ પર કંસારા લખવાનું જ પસંદ કરે છે. ઉત્તર ગુજરાતના ડીસા શહેરમાં આવા ભરથેરાની અટક ધરાવતા સારા એવા કુટુંબોનો વસવાટ છે તેવું પણ શ્રી રાજુભાઈએ કહ્યું. જ્યારે ગોત્રની વાત કરીએ તો તેમના ભાટે, તેમનું ગોત્ર ભારદ્વાજ જ કહેલ, પરંતુ આપણને ઉપલબ્ધ માહિતી મુજબ સોલંકીઓનું ગોત્ર કશ્યપ

થાય છે, જ્યારે પરમારો ભારદ્વાજમાં આવે છે. માટે અહીં કંઈક સમજણફેર જણાય છે.

આમ તો આ વીરપુર ગામ. જેનું નામ એક વીર નામના સાધુ પરથી ઉતરી આવેલ છે, ત્યાં યાત્રાએ જતા મીનળદેવી રોકાયેલ અને તેમણે બંધાવેલ વાવ પણ તેનું પ્રતિક છે. પરંતુ જાણવા જેવી વાત તો એ છે કે ગુજરાતના ઈતિહાસના સુવર્ણપૃષ્ઠે નોંધાયેલ સોલંકી યુગના મીનળદેવીએ સોમનાથની યાત્રાએ જતાં તેમના પડાવ દરમિયાન સિદ્ધરાજ જયસિંહનો જન્મ અહીં આપેલ તેવું રાજુભાઈ સાથેની વાતચીતમાંથી જાણવા મળ્યું.

વાત આગળ વધારતાં મેં તેમની પાસેથી તેમના પરિવારની વંશાવળી બાબતમાં પૂછ્યું, તો રાજુભાઈ તેમની દસ પેઢીના નામ તુરત જ બોલી ગયા. આપણે રાજુભાઈ, જેમનું આખું નામ રામજીભાઈ છે, તેનાથી તેઓ બોલ્યા અને મેં નોંધ લીધી તે મુજબ જ અહીં મૂકેલ છે.

રામજીભાઈ – કરશનભાઈ – દ્વારકાદાસ – મોહનદાસ – જીણા – ઝવેર – લાધા – ભરખા – રૂપા – લાલા.

આ વંશાવળીમાં સાતમી-આઠમી પેઢીએ આવતા નામો (લાધા – ભરખા – રૂપા – લાલા) અને ત્યારબાદ તેના બદલાતા સ્વરૂપ પરથી એવું ધારી શકાય કે આ પરિવારનું સ્થળાંતર રાજસ્થાનથી લગભગ ઓગણીસમી સદીની શરૂઆતમાં થયેલ હોઈ શકે અને ડીસા થઈ શિહોર, ગોંડલ અને છેલ્લે તેના વડવાઓ વીરપુરમાં ઠરીઠામ થયેલ હોય કારણકે રાજુભાઈના કહેવા મુજબ તેમના પિતાજી શ્રી કરશનભાઈનો જન્મ વીરપુરમાં થયેલ અને દાદા દ્વારકાદાસ ગોંડલમાં જન્મેલ અને તેમનો પરિવાર સોએક વર્ષથી અહીં સ્થાયી છે. રાજુભાઈ પોતે જામનગરથી પરણેલ છે. તેમના વિસ્તારમાં બે પુત્રો તેમજ બે પુત્રીઓ નામે જાગીર અને જયદીપ છે અને પુત્રીઓ દક્ષાબેન તથા સુધા છે. જેમણે અનુક્રમે એમ.એ., એમ.એડ. અને એમ.એ., બી.એડ. સુધીનો અભ્યાસ કરેલ છે અને શૈક્ષણિક લાયકાત મુજબ શિક્ષિકાની નોકરી સ્વીકારેલ છે. પુત્ર જયદીપનો જોબની સાથે એમ.કોમ. અને બી.એડ.નો અભ્યાસ ચાલુ છે.

કરશનભાઈના બીજા દીકરા જગદીશભાઈના વિસ્તારમાં પણ બે પુત્રો અને બે પુત્રીઓ છે. પુત્રીઓમાં પ્રિયાબેનનું સાસરું જામનગર અને મોહિનીબેનનું ગોંડલ છે. બે પુત્રોમાં હિંમતભાઈ વાસણનો વેપાર અને ગેસ્ટ હાઉસ સંભાળે છે જ્યારે વિશાલ મોબાઈલ ફોનની દુકાન સંભાળે છે.

કરશનદાસભાઈના મોટાભાઈ જમનાદાસના કુટુંબમાં રસીકલાલ, નવીનચંદ્ર, નીતિનકુમાર અને મહેશકુમાર નામે ચાર પુત્રો. જેમાં રસીકભાઈ બાજુના ખોડલધામ ગામમાં શિક્ષકની નોકરીમાંથી થોડા સમય પહેલાં જ નિવૃત્ત થયેલ છે અને આ વાતચીતની શરૂઆત તેમની સાથે તેમના વિપુલ વાસણ ભંડારમાં જ થઈ. તેમને ત્યાં અશોક અને કૌશિક નામના બે પુત્રો છે. તેમના બીજા ભાઈ નીતિનભાઈ પણ તેમની સાથે જ દુકાનમાં હતા, જેમને ત્યાં વિપુલ, મયુર અને બિપીન નામે ત્રણ પુત્રો છે. જેમાંથી મયુરકુમાર એન્જિનિયર થયેલ છે અને રાજકોટમાં શૈક્ષણિક ક્ષેત્રે ભણાવવાનું કાર્ય કરે છે. તેઓનો સંપર્ક નળ સરોવરમાં 'યુવા સંવાદ' વખતે થયેલ અને તેમની આ અદ્વિતીય અટક ભરથેરા વિશે વધારે પૂછપરછ કરતાં વીરપુર જવાનો મનસુબો કરેલ. જેમાંથી આ લેખ નિષ્પન્ન થયેલ છે. શ્રી મયુરકુમાર અમદાવાદના બારમેડા પરિવારના ગિરીશભાઈ કાંતિલાલ સોનીના જમાઈ થાય છે.

જમનાદાસભાઈના ત્રીજા પુત્ર નવીનચંદ્રને ત્યાં મુકુંદ, કિશન અને ધર્મેશ નામે ત્રણ પુત્રો જ્યારે ચોથા પુત્ર મહેશકુમારને ત્યાં આશિષ અને દિનેશ એમ બે પુત્રો. આમ, વ્રજધામ ગેસ્ટહાઉસ, વ્રજ પ્રોવિઝન સ્ટોર, વિપુલ વાસણ ભંડાર, ઓમ ડિજિટલ ફોટોગ્રાફી ઈત્યાદિ નામો સાથે પ્રતિષ્ઠાનો ધરાવતો આ વિશાળ પરિવાર આજે પણ કાઠિયાવાડના સંયુક્ત કુટુંબોની મીઠી યાદોને તાજી કરે છે અને તેના દરેક સભ્યો સંપીને પોતપોતાના કામકાજમાં જલારામ બાપાના ધામમાં વ્યસ્ત છે.

### આર્ટિસ્ટ એટલે શું?

*"The artist is a receptacle for emotions that come from all over the place; from the sky, from the earth, from a scrap of paper, from a passing shape, from a spider's web."*

**– Pablo Picasso**

*"આર્ટિસ્ટ એક ચારે તરફથી વરસતી લાગણીઓનું ઠામ છે. આવી મનોભાવનાઓ આકાશ, જમીન, કાગળનો ટુકડો, કોઈ પસાર થઈ રહેલ આકાર, કરોળિયાનું ઝાળું... કોઈ પણ જગ્યાએથી વરસતી હોય છે."*

**– પાબ્લો પિકાસો**

***શ્રી તનસુખ મહીચા અને એમના પુત્રી તેમજ પુત્ર – ત્રણેની વિશિષ્ટ પ્રતિભા સમાવતા લેખો, મારી કલમે લખાઈ, 'સેતુ'માં પ્રકાશિત થઈ ગયા છે, જે જાણ માટે. અન્ય પ્રતિભાસંપન્ન કલાકારોની વિગતો આ સામાયિકમાં આમંત્રિત છે. – મુખ્યતંત્રી***

# હેમ 'કલમયાત્રા'ની લેખા

પી. જી. સોની - ભુજ

કચ્છમાં રોહાનું નામ તો દરેકે સાંભળ્યું જ હોય. એનું કારણ છે. રોહા એક જમાનામાં જાગીર ગણાતી. રોહાનો ગઢ આજે પણ ઇતિહાસકારો માટે સંશોધનનો વિષય છે. રોહાની બીજી ખાસિયત એ છે કે આ ગામને રાની પશુ ગણાતા દીપડાનું મોસાળ ગણવામાં આવે છે અને હજુ પણ આ રોહાની પહેચાન તમને ઓછી લાગતી હોય તો સાંભળો, રોહા એટલે આપણા કવિવર અને કેકારવ (કવિતગ્રંથ)ના સર્જક કલાપીનું સાસરૂ. જેમણે પત્ની (રાણી) સાતે આવેલી દાસીના પ્રેમમાં કવિતાઓ લખી. તમને એમ લાગશે કે શિર્ષક અને આ વાતને શું સંબંધ છે?



શ્રી શાંતિલાલ સોની

અવશ્ય છે... કારણકે આ રોહાની તળેટીમાં આવેલા એક ઘરમાં ૧૯૫૬માં વેલેન્ટાઇન (૧૪મી ફેબ્રુઆરી)ના દિવસે તેમનો એટલે કે શાંતિલાલનો જન્મ થયો હતો. જેમ દીપડો આખો દિવસ ભટકી ભટકીને પોતાના જ વિસ્તારમાં ફરતો હોય છે, છેવટે સલામતી તો મોસાળમાં જ મળે છે. એ દીપડાની જેમ મા-બાપ, અભ્યાસ, નોકરી અને સંગઠન ક્ષેત્રે ક્યાંય એક જગ્યાએ પગ વાળીને બેસવા માટે વિસામો નથી મળ્યો. કુદરતનો કરિશ્મા તો જુઓ કે દીપડો મોરઝર (નખત્રાણા તાલુકો) નદીથી રોહા સુધી જ વધુ પ્રમાણમાં જોવા મળે છે. અને એ મોરઝરની બાજુમાં વિથોણ જે શાંતિલાલ સોનીની કર્મભૂમિ. આમ કર્મભૂમિ - જન્મભૂમિનો દીપડાના સથવારે અજીબો ગરીબ સંયોગ સર્જાયો છે.

જેમ દીપડો અહીંથી તહીં ભટકે તેમ તેમણે પણ જીવનના દરેક તબક્કે ઉથલપાથલ જોઈ છે.

જન્મની સાથે જ મા-બાપ તબદીલ થઈ ગયા. જન્મ આપ્યો એમણે ઉછેર્યો નહીં. એટલે કિસ્મતના કાંટા ફર્યા. દત્તક માતા-પિતા સાથે રાયપુર (મ.પ્ર.) જવાનું થયું. ધોરણ-૨ સુધી પ્રાથમિક શાળાનું શિક્ષણ હિંદી માધ્યમમાં રાયપુરની બાજુમાં આવેલા કુન્હારી ખાતે લીધું. પછી વિથોણ પુનઃ રોહાની બાજુમાં આવેલ કોટડા ગામમાં આઠમું અને ૧૧મું ધોરણ સુધી નખત્રાણા હાઈસ્કૂલમાં મેળવ્યું. ભુજની આર.આર. લાલન કૉલેજમાં S.Y.B.Sc. પછી T.Y.B.Sc. (Zoology) અમદાવાદમાં કર્યું.

તે વખતે જમાનો જુદો હતો. કોલેજમાંથી ગ્રેજ્યુએટ થાવ એટલે નોકરી તાત્કાલિક મળે. તેમાંય સાયન્સ ગ્રેજ્યુએટને તો રોજગાર કચેરીમાં નામ નોંધાવો એટલે કામ પૂર્ણ. તેમને (શાંતિલાલને) ભુજમાં જ WHO અંતર્ગત ચાલતા એક પ્રોજેક્ટમાં લેબોરેટરી ટેકનિશિયનની જોબ ગ્રેજ્યુએટ થતા જ મળી ગઈ. પણ જીવ જરા જુદો હતો. દરમિયાન ગુજરાત સરકારમાં માહિતી ખાતામાં સબ ઍડિટર (માહિતી અધિકારી)ની જગ્યાની અરજી કરી અને પ્રેસની દુનિયામાં પગ રાખ્યો.

બસ ત્યારથી આજ લગી "પ્રેસ" શબ્દ તેમના જીવનનો પર્યાય બની ગયો. ૩૦ વર્ષમાં વર્ગ-૩ થી વર્ગ-૧ સુધીની સફર કરી છે. જેમાં પંચમહાલના દેવગઢ બારિયા, ગોધરા, મુંદ્રા, નખત્રાણા, ભુજ, રાજકોટ, ગાંધીનગર અને સુરતનો સમાવેશ થાય છે. પત્રકારત્વની તેમની દુનિયા સુરતમાં મહોરી ઉઠી. સુરતમાં તમામ પ્રકારના પત્રકારત્વનો અનુભવ થયો. ઈ.સ. ૧૯૯૨થી ૧૯૯૫ દરમિયાન સિનિયર એડિટર તરીકે સુરતમાં ફરજ બજાવી. તેમનાં કાર્યકાળ દરમિયાન સુરતમાં પ્લેગ, કોમી રમખાણ, ઉકાઇ ડેમ તુટવાની અફવા, તાપીનું મહાપૂર – આ તમામ સારા-નઠારા પ્રસંગોનું લાઇવ કવરેટ કર્યું હતું. પ્રિન્ટ મીડિયા (અખબારો માટે), ઇલે. મીડિયા (ટી.વી. સમાચાર)માં ખૂબ કવરેજ મળ્યું. ઇવન બી.બી.સી.એ પણ તેમના સુરતના કવરેજને પ્રાધાન્ય આપ્યું.

ત્યાર પછી સૌથી મોટો અનુભવ કચ્છમાં આવેલા ધરતીકંપમાં મળ્યો. વિનાશથી માંડીને કચ્છના પુનઃ નિર્માણનું કામ સગી આંખે જોઈ, તેનું રિપોર્ટિંગ કર્યું. તમામ અખબારોએ મહત્ત્વ આપ્યું. પછી તો કચ્છમાં દુષ્કાળ, કંડલાનું વાવાઝોડું, અતિવૃષ્ટિએ તેમની કલમને ઘડવામાં મદદ કરી. જયારે ગાંધીનગરના કાર્યકાળમાં તો ટી.વી. માટે કેમ રિપોર્ટિંગ કરવું અને ડોક્યુમેન્ટરી બનાવવાનું કૌશલ્ય સાંપડ્યું. આમ મીડિયાના તમામ અંગોમાં અનુભવ પ્રાપ્ત થયો. પરંપરાગત મીડિયા (ટ્રેડિશનલ) મીડિયા દ્વારા તે વખતે EVM નો અને ચૂંટણી જાગૃતિનો ખૂબ પ્રચાર કર્યો.

અત્યાર સુધી ૧૦૦૦૦થી વધુ પ્રેસનોટ, ૧૦૦૦થી વધુ વિકાસલક્ષી આર્ટિકલ, ટી.વી. સ્ટોરી, રેડિયો સ્ટોરી બનાવી છે.

કામ કરવાનો સંતોષ તો ત્યારે થતો કે તેમની પ્રેસનોટ અખબારોમાં શબ્દસઃ છપાય અને તે વખતના વડાપ્રધાન અટલબિહારી વાજપેયીએ સુરતના માહિતી અધિકારી તરીકે પૂછ્યું કે, 'સુરત કે અખબારવાલેં પોઝીટીવ હૈ ના...?' અને આમનો અભિપ્રાય તેમના માટે આખરી ગણાય. જયારે જય નારાયણ જેવા હોંશિયાર મંત્રી, કલેક્ટર, એસ.પી. જેવા

અધિકારીઓની વચ્ચે કહે કે, 'સોની હેઝ ડન નાઈસ જોબ.'

આમ તો જ્યારથી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારથી માહિતી ખાતાને કામ કરવાની તરાહ બદલી. માત્ર પ્રેસનોટ નહીં, વિકાસલક્ષી સ્ટોરી બનાવવી. મેગેઝિનનું સંપાદન કરવાનું પ્રોત્સાહન મળ્યું. અને એ પ્રકારે ૧૩ વર્ષ કામ કર્યું. ખુદ મોદીએ રણોત્સવમાં વિદેશીઓ વિશે જ્યારે તેમનો અભિપ્રાય સાંભળવામાં રસ લીધો એ સુખદ ક્ષણ હતી. આવું કોંગ્રેસ વખતે ક્યારેય નહોતું થયું. ત્યાર પછી જ્યાં મોદી કોઈ ઉત્સવ ઉજવવા જિલ્લામાં જાય ત્યારે રાજ્ય સરકાર શાંતિલાલ સોનીને ભુજથી ફરજ ઉપર મૂકતા. સુરતમાં ૨૦૦૬માં આવેલા વિનાશક પૂરમાં પ્રચાર માટે ખાસ ફરજ પરના અધિકારી તરીકે મૂક્યા હતા.

આ પ્રત્યક્ષ અનુભવ સાથે ડિપ્લોમા ઈન જર્નાલિઝમ અને લગભગ ૧૫૦ દિવસ અમદાવાદ સ્થિત 'સ્પીપા.'માં પત્રકારત્વની તાલીમ લીધી. જેમાં દિગ્ગજ પત્રકારો સર્વશ્રી ભૂપત વડોદરિયા, ભવેન કચ્છી, દીપલ ત્રિવેદી, ધૈવત ત્રિવેદી, કૃષ્ણકાંત ઉનડકટ, વિનોદ પંડ્યા, યાસીન દલાલ તથા કટાર લેખકો તથા જાણીતા લેખકોએ પત્રકારત્વના પાઠ ભણાવ્યા હતા.

જેમ ઉંમર, ઉંમરનું કામ કરે એ પ્રમાણે અંતે ૨૦૧૪માં સરકારી સેવામાંથી નિવૃત્તિ લીધી. એ પહેલાં સ્થાનિક કક્ષાએ સંદેશ, આજકાલ અને કચ્છ ઉદયમાં જોડાવા અને પત્રકારત્વ ક્ષેત્રે પ્રવૃત્ત થવા ઑફર આવી. પરંતુ આર્થિક પેકેજમાં સાંઘી ઈન્ડસ્ટ્રીઝે વધુ ચમક બતાવતા ત્રણ વર્ષ મેનેજર કમ PRO તરીકે કાર્ય કર્યું. દરમિયાન અનુભવના આધારે મારૂ કંસારા સોની સમાજ અંતર્ગત 'હેમલેખા' નામનું મન્થલી મેગેઝિન શરૂ કર્યું. તંત્રી તરીકે વિવિધ જગ્યાએથી આજે પણ ઑફર છે પરંતુ નોકરીની પણ એક મર્યાદાને રૂપે સ્થાનિકે જ કાર્ય કરવાનું સ્વીકાર્યું. 'હેમલેખા'ને કારણે સમાજ સાથે જોડાવાનું બન્યું. એક જ વર્ષમાં ભુજ જ્ઞાતિ ટ્રસ્ટના મંત્રી તરીકે પણ નિમણુંક થઈ અને છેવટે મહા મંડળના મહામંત્રી બનવાનું પણ સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું.

કચ્છના અગ્રીમ દૈનિક 'કચ્છમિત્ર'માં છેલ્લા ૧૭ વર્ષથી રંગેરમતની કોલમ લખવાનો અપ્રતિમ લહાવો પ્રાપ્ત થયો છે. આ કોલમ કચ્છના રમતગમત રસિકોમાં ખૂબ જ લોકપ્રિય છે. રંગેરમત નામની આ કોલમ ઉપરાંત વાર-તહેવારે પ્રાસંગિક લેકો પણ પ્રસિદ્ધ થતા રહે છે. 'જ્ઞાતિસેતુ'ના દશાબ્દી મહોત્સવથી ભુજમાં ઉજવણી થઈ ત્યારે પણ પ્રાસંગિક લેખ લખી મારૂ કંસારા સોની સમાજમાં પત્રકારત્વની દશા-દિશા પર પ્રતિબિંબ પાડ્યો હતો.

પત્રકારત્વ ક્ષેત્રે આટલો બહોળો કાર્યકાળ સંભવતઃ આપણા સમાજમાં એક વિરલ ઘટના છે. સમાજમાં વેપારીઓ, તબીબો, એન્જિનિયરો, કારીગરો, ઉદ્યોગપતિઓ હશે પણ જર્નાલિસ્ટ જવલ્લે જ જોવા મળે છે. પત્રકારત્વ સાથે LL.B. પણ કર્યું છે. પત્રકારો સાથે રાજ્ય અને રાજ્ય બહાર પ્રવાસ, પત્રકારો અને લેખકો સાથે પ્રેસ-ડે ની ઉજવણી – આ બધું અનુભવસિધ્ધ પુરવાર થયું છે.

આપણા સમાજમાં બધું જ છે પરંતુ પત્રકારો નથી. ખુદ શાંતિલાલ સોનીના ઘરમાં પણ અખબારનો ફફડાટ સંભળાયો નથી છતાં આ ક્ષેત્રે મોટી હરણફાળ ભરવાની તક મળી તે માટે તેમના પિતા માધવજીભાઈ સોનીનો મોટો ફાળો છે. નબળી આર્થિક સ્થિતિ વચ્ચે પણ પૂર્ણ છુટછાટ સાથે આ ઊંચાઈ પ્રાપ્ત થઈ છે. પત્ની હેમલતાનો સાથ અને બંને દીકરીઓ હર્ષા અને ખુશ્બુનો પ્રેમ અહીં સુધી પહોંચાડવામાં ઉપયોગી પુરવાર થયો છે.

## મારૂ કંસારા જ્ઞાતિનું ગૌરવ

**શિહોર નિવાસી મારૂ કંસારા અગ્રણી સંતકૃપા મેડિકલ સ્ટોરવાળા, કંસારા મથુરદાસ લલ્લુભાઈના પૌત્ર**

**ડૉ. કેવલ દિનકરરાય પરમાર**





M.S. Orthopaedics એ ખ્યાતનામ M.S. University - વડોદરા દ્વારા ૨૦૧૭માં લેવાયેલ Post Graduate ની અંતિમ પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થઈ તાજેતરમાં તા. ૨૨-૧-૨૦૧૮ના રોજ યોજાયેલ પદવીદાન સમારોહમાં માનનિય રાષ્ટ્રપતિશ્રી અને મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વડોદરાના રાજમાતા ગાયકવાડના હસ્તે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સમસ્ત કંસારા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે.

***તેઓ તેમના કાર્યક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી અમારી શુભકામના.***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ


**દિનેશ મહેતા**

## કચ્છના ધારાસભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ સંપન્ન થયો




*શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી અશોકભાઈ મહેતા અને શ્રી વાસણભાઈ આહીર*

કચ્છમાંથી ચૂંટાયેલા નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓના સન્માનનો કાર્યક્રમ યોજવાની પ્રથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા છેલ્લા ત્રીસ જેટલા વર્ષોથી ચાલી રહેલ છે. આ નાતે ગત વિધાનસભાની ચૂંટણીમાં કચ્છમાંથી ચૂંટાયેલા બધા જ એટલે કે છ ધારાસભ્યોના સન્માનનો કાર્યક્રમ બુધવાર, તા. ૨૧-૩-૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં રાજ્યકક્ષાના મંત્રી શ્રી વાસણભાઈ આહીર, ભુજના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા તથા રાપર વિભાગના ધારાસભ્ય સંતોકબેન આરેઠિયા ઉપસ્થિત રહેવા પામેલ હતા. સાથે સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, આમંત્રિતો તથા વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રી - મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.



*શ્રી વાસણભાઈ આહીરને આવકારતા સમાજના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ કોટડિયા*

સન્માનનો પ્રત્યુત્તર આપતા મંત્રી શ્રી વાસણભાઈ આહીરે જણાવેલ હતું કે કચ્છની ભૂમિ દિલેરી, ભક્તિ, શ્રદ્ધા અને વતનપ્રેમ માટે જાણીતી છે. જ્યાં એક કચ્છી વસે ત્યાં કચ્છનું વાતાવરણ ઊભું થઈ જાય છે. પછી તે ચાહે દક્ષિણ આફ્રિકા હોય, અમેરિકા હોય, ભારતના અન્ય શહેરો હોય, અમદાવાદ હોય કે ગાંધીનગર હોય. અમદાવાદનું શ્રી કચ્છી સમાજ જે કાર્યો કરે છે તે ધન્યવાદને પાત્ર છે. પોતાની સેવાકીય કારકિર્દી વિશે તેમણે જણાવેલ કે તેઓએ સળંગ ૨૦ વર્ષ લગી તેમના ગામ રતનાલના સરપંચ તરીકે સેવા આપેલ છે અને ત્યારબાદ પાંચ ટર્મથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવેલ છે. અગાઉ પણ તેઓએ રાજ્યકક્ષાના મંત્રી તરીકે ફરજ બજાવેલ છે અને હાલે પણ તેઓ રાજ્યકક્ષાના મંત્રી તરીકે ફરજ બજાવી રહેલ છે. ભૂકંપ પછી કચ્છમાં અગણિત વિકાસ થયેલ છે. ભૂકંપ પછી કચ્છમાં અનેક ઉદ્યોગો આવેલ છે. ભૂકંપ અગાઉ કચ્છમાં જમીનના ભાવ એકરે રૂા. ૫,૦૦૦/- હતા, ત્યાં આજે કેટલેક સ્થળે એકરના રૂા. ૫ કરોડ બોલાય છે.

સરકારે ખૂબ જ માર્કેટિંગ કરીને કચ્છને ટુરિઝમ સેન્ટર બનાવી દીધેલ છે. કચ્છ માટે પાણી ખૂબ જ જરૂરિયાત અને અગત્યની વાત છે. નર્મદા નદીના પીવાના પાણી કચ્છના મોટાભાગના ગામોમાં પહોંચતા થયેલ છે અને સિંચાઇના પાણી અત્યારે રાપર - ભચાઉ તાલુકામાં પહોંચતા થયેલ હોવાથી આ તાલુકાના ખેડૂતોની હાલત ખૂબ જ સારી થવા પામી છે. જ્યારે નજદીકના ભવિષ્યમાં કચ્છના અન્ય તાલુકાઓમાં પણ આ પાણી પહોંચતા થશે ત્યારે ત્યાંના ખેડૂતોની પરિસ્થિતિ પણ સુધરી જવા પામશે. સરકારને કચ્છ માટે ખૂબ જ પ્રેમ છે અને કચ્છનો હજુ પણ વધુ વિકાસ કરાવવાના તેના આયોજનો છે. કચ્છમાં પાકતા ખારેક, કેરી, દાડમ, ચીકુ વગેરે આજે દુબઇ જેવા દેશોમાં નિકાસ કરવામાં આવે છે અને તેનો લાભ કચ્છના ખેડૂતોને મળે છે. વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધીમાં રૂા. ૨૭૦૦ કરોડના વિકાસના કાર્યો કચ્છમાં કરવામાં આવ્યા છે જેમાં હું નિમિત્ત બનેલ છું તેમ તેમણે ઉમેર્યું હતું. ભવિષ્યના કચ્છના પ્રશ્નો અંગે અમારું ધ્યાન દોરતા રહેશો. કચ્છના દરેક પ્રશ્ને અમે તમારી સાથે રહેવા કટિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ.

ભુજના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્યે જણાવેલ કે હું છેલ્લા ૪૮ વર્ષથી કચ્છમાં છું અને રાજકીય તથા સેવાકીય ક્ષેત્રે મેં ઘણો અનુભવ મેળવેલ છે. ભૂકંપ બાદ કચ્છનો સિનાર્યો જ બદલાઈ ગયેલ છે. કચ્છનું નવસર્જન થવા પામેલ છે. કચ્છનો અપ્રતિમ વિકાસ થયેલ છે. કચ્છમાં પાણી, વીજળી વગેરેની જે સમસ્યા હતી તેનું નિવારણ કરી આજે કચ્છમાં ભૂકંપ બાદ મોટા ગજાના ૧૫૦ ઉદ્યોગો સ્થપાયેલ છે. મુંદ્રા બંદરનો વિકાસ પણ અપ્રતિમ થયેલ છે. કચ્છનો જે રીતે પ્રવાસન ધામ તરીકે વિકાસ થયેલ છે એ રીતે ઉદ્યોગ ધામ તરીકે પણ થયેલ વિકાસનો પ્રચાર કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. કચ્છના એક ઉદ્યોગને જોવા - સમજવા આખો દિવસ જેટલો સમય લાગી જાય તેથી કચ્છના બધા ઉદ્યોગોને જોવા - સમજવા લોકોએ એક મહિના જેટલો સમય કચ્છમાં રોકાવું પડે. કચ્છમાં રૂા. ૫-૭ કરોડના ખર્ચવાળા રમત-ગમતના મેદાનો બની ગયેલ છે. અત્યારે નર્મદા

નદીના સિંચાઈના પાણી રાપર - ભચાઉ તાલુકા સુધી પહોંચ્યા છે. ૨૦૨૦ સુધીમાં તે માંડવીના મોડકુવા સુધીના ગામોના ખેતરોમાં પહોંચી જશે ત્યારે કચ્છની આબાદી સારી એવી વધી જશે. ચાલુ વર્ષ દરમિયાન નર્મદા નદીના પાણી ઓછા પ્રાપ્ત થયા કેમકે મધ્ય પ્રદેશમાં ઓછો વરસાદ પડ્યો તેનું તે પરિણામ છે. નર્મદા નદીના પાણી કચ્છ માટે જીવાદોરી છે અને પૈસાના અભાવે તેના કામો અટકશે નહીં તેની અમે ખાતરી આપીએ છીએ. હવેથી માઈક્રો કેનાલો પણ સરકાર બનાવી આપશે.



*ભુજના ધારાસભ્ય શ્રીમતી નીમાબેન આચાર્ય અને સમાજના ખજાનચી શ્રી અતુલભાઈ સોની*

અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવેલ કે તેમના મતવિસ્તાર અબડાસાના પ્રશ્નો આજે પણ ઊભા છે. અહીંના ઉદ્યોગોમાં સ્થાનિકોને નોકરી મળતી નથી. આ વિભાગના ત્રણે તાલુકામાં પાણીની અછત આજે પણ અગાઉ જેવી જ છે. ખેડૂતોએ લીધેલી લોનો ભરપાઈ કરી શકાતી નથી. નર્મદા નદીના સિંચાઈના કે પીવાના પાણી આજે પણ આ તાલુકાઓમાં પહોંચ્યા નથી. આ વિભાગમાં બંધારા કામ ન આવી શકે. દર ૧૦૦ ફૂટ કે ૨૦૦ ફૂટે નદી પર માટીના બંધ બાંધવામાં આવે તો વરસાદી પાણી રોકી શકાય અને તેનો લાભ લઈ શકાય. કચ્છના પશ્ચિમ વિભાગના આ તાલુકાઓનો વિકાસ સાધવા સવિશેષ માવજતની જરૂર છે. રાપર વિભાગના શ્રી ભચુભાઈ આરેઠિયાએ જણાવેલ કે નર્મદાના પાણીના કારણે આ વિભાગમાં ખેતી કરતા ખેડૂતોની આવકમાં પાંચ ગણો વધારો થયેલ છે. પરંતુ આ વિભાગના અન્ય પડતર પ્રશ્ને રાજકારણ છોડી બધાએ સાથે રહીને વિકાસના કાર્યો કરવા જોઈએ.

આ અગાઉ કચ્છના પ્રશ્નો અંગે ચર્ચા કરતા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે નખત્રાણાના ગુનેરી ગામના શ્રી મોહનસિંહ સોઢાએ છેલ્લા ૪૫ વર્ષથી કચ્છના ગામડે ગામડે સ્વખર્ચે ફરીને જે ૧૦,૦૦૦ જેટલા ફોસીલ્સ - જીવાશ્મિઓ એકત્રિત કરેલ છે, તે જીવાશ્મિઓ કચ્છની મોંઘેરી મહામૂડી છે અને તેને સાચવી રાખવા ભુજમાં એક ફોસીલ પાર્ક ઊભું કરવું જોઈએ જે ટૂરિસ્ટો માટેનું પણ એક યાત્રાધામ બની શકે છે. હાલે મોરબીના ઓરેવા ગ્રુપના ડાયરેક્ટરોએ અને વર્ષ ૧૯૭૦માં અમૃત વસંત પંડ્યાએ રજૂ કરેલ રણ સરોવરની યોજનાને આગળ ધપાવી તેને કાર્યાન્વિત કરવી જોઈએ. જેથી વિશાળ જળરાશિની કારણે મે, જૂન, જુલાઈમાં નૈઋત્યમાંથી આવતા ભેજવાળા પવનોને કારણે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદ પડી શકે અને કચ્છમાંથી કાયમ માટે દુષ્કાળને વિદાય આપી શકાય. નર્મદા નદીના પાણીના પ્રમાણસર વહેંચણી માટે કચ્છમાં ખેડૂત મંડળીઓ સ્થાપી ખેતરે ખેતરે વ્યવસ્થિતપણે પાણી પહોંચાડવામાં આવે તો પાણીનો બગાડ ઓછો થાય અને તેનો વપરાશ યોગ્ય રીતે થઈ શકે. તદુપરાંત નર્મદા નદીના નિયમિત પાણી અને વધારાના પાણી શક્ય ત્વરાએ કચ્છના લાભાન્વિત ગામોના ખેતરોમાં પહોંચાડવામાં આવે તો તેના થકી ૧૨,૮૫,૦૦૦ એકર જમીનમાં સિંચાઈ થઈ શકે અને એક એકરે સંપૂર્ણ ખર્ચ બાદ કરતાં રૂા. ૧૫,૦૦૦/-ના નફાની ગણતરીએ કચ્છના ગામડાંના ખેડૂતોની આવક દર વર્ષે અંદાજિત રૂા. ૨૦૦૦ કરોડ જેટલી વધી જાય. કચ્છમાં દરિયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવવાના ડી-સેલિનેશન પ્લાન્ટની ખાસ જરૂરત છે કે જે પાણી ઉદ્યોગોને કામ આવે. કચ્છમાં ૧૦૦ MLD (મિલિયન લિટર પર ડે) કેપેસિટીના બે કે ત્રણ પ્લાન્ટ અલગ અલગ સ્થળે ઊભા કરવામાં આવે તો ઉદ્યોગોને એ પાણી મળી શકે અને તેટલા પ્રમાણમાં નર્મદાના પીવાના પાણીનો બચાવ થઈ શકે. હાલે નર્મદાના પીવાના પાણીમાંથી જે ૫૦ MLD પાણી ઉદ્યોગોને આપવામાં આવે છે, તે બચાવી વધુ ગામના લોકોને તેનું પીવાના પાણી તરીકે વિતરણ કરી શકાય. સાથે સાથે કચ્છના ભૂગર્ભના પાણીનો પણ સારો એવો બચાવ કરી શકાય.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવેલ કે અમદાવાદમાં અભ્યાસ અર્થે કચ્છથી આવતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ, કચ્છથી અમદાવાદની મુલાકાતે આવતા કચ્છીઓ માટે અતિથિ ભવન, સ્વાસ્થ્ય કેન્દ્ર તથા કચ્છ ઈન્ફોર્મેશન સેન્ટર સ્થાપવાની ખાસ જરૂરત છે કે જે માટે જરૂરી જમીન ફાળવવા ગુજરાત સરકારશ્રી પાસે કચ્છના ધારાસભ્યો પોતાની વગ વાપરી આ જમીન શ્રી કચ્છી સમાજ - અમદાવાદને અપાવે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હિમાંશુભાઈ ઠક્કરે કરેલ હતું. આ કાર્યક્રમમાં શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી મેઘજીભાઈ પટેલ, શ્રી મનુભાઈ શાહ, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલ સોની, શ્રી જયન્તીભાઈ લાકડાવાલા, શ્રી દિનેશ મહેતા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ચીમનભાઈ પલણ વગેરે તથા અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના અગ્રણીશ્રીઓએ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો. ■

# હંસ : એક શિક્ષક

સમૂહસંવાદ આરોગ્ય માટે કેવો લાભદાયી છે એ સમજવા હંસ પક્ષીનો દાખલો ઉત્તમ ઉદાહરણ છે.

**૧.** જ્યારે સમૂહમાં એક હંસ પોતાની પાંખો ફફડાવે છે ત્યારે તેની પાછળ ઊડતા હંસને હવામાં ઊંચે ઉડવા માટે ટેકો મળે છે. પક્ષી એકલું ઊડે તેના કરતાં જ્યારે તે સમૂહમાં વી (V) આકારમાં ઊડે છે ત્યારે પક્ષીની લાંબે સુધી ઊડવાની શક્તિમાં ૧૭% વધારો થાય છે.

***સાર*** : સમાન ધ્યેય અને સહકારની ભાવનાવાળી વ્યક્તિઓ એકસાથે કોઈ કામ યા પ્રવૃત્તિ કરે તો તે પોતાના ધ્યેય તરફ જલદીથી અને સહેલાઈથી પહોંચી શકે છે. કારણ, તેમ થતાં તેમને એકબીજાનો ટેકો મળી રહે છે, એકબીજાના ટેકાથી તેઓ આગળ વધે છે.

**૨.** જ્યારે કોઈ પંખી સમૂહથી છૂટું પડી જાય છે ત્યારે એકલા ઊડવાના પ્રયત્નોમાં તે એકાએક તાણ અનુભવે છે અને તરત જ પાછા વળી સમૂહમાં આગળ ઊડતાં પંખીની ઉડ્ડયન શક્તિનો ટેકો મેળવી લે છે.

***સાર*** : જો આપણામાં પંખી જેટલી સૂઝ હોય તો આપણે પણ જે ધ્યેય પર પહોંચવું છે ત્યાં પહોંચવામાં પ્રવૃત્ત એવા સમૂહની સાથે રહીશું. એટલું જ નહીં પણ એ સમૂહની સહાય સ્વીકારવામાં અને તેને સહાય કરવા તત્પર રહીશું.

**3.** વી (V) આકારે ઊડતા પંખીઓના સમૂહમાં જ્યારે સૌથી આગળ ઊડતું પંખી થાકી જાય છે ત્યારે તે ધીમું પડી પાછળ ખસી જાય છે અને તરત જ બીજું પંખી મોખરાનું સ્થાન લઈ સમૂહને દોરવાનું ચાલુ રાખે છે.

***સાર*** : એકલાથી ન થઈ શકે તેવાં મુશ્કેલ કામો, વારાફરતી નેતૃત્વની વહેંચણી કરીને કરવાનું રાખવાથી સારી રીતે પાર પડે છે. કારણ, પંખીની જેમ આપણે પણ પરસ્પરાવલંબનની જરૂર છે.

**૪.** આગળ ઊડતાં પંખીઓ એમની ગતિ ટકાવી રાખી શકે તે માટે તેમને ઉત્તેજન આપવા પાછળ ઊડતાં પંખીઓ પ્રોત્સાહક અવાજ કરતાં હોય છે.

***સાર*** : આપણો સામૂહિક અવાજ પ્રેરણાદાયી હોય, અન્યથા ન હોય, એ વાતનું આપણે સમજપૂર્વક ધ્યાન રાખવું જોઈએ.

**૫.** જ્યારે કોઈ પંખી માંદુ પડે કે જખ્મી થાય અથવા તો શિકારીનો ભોગ બની નીચે પડે ત્યારે બે પંખીઓ સહજ રીતે આખા સમૂહમાંથી છૂટાં પડી તેનું રક્ષણ તથા મદદ કરવા તેની સાથે નીચે આવે છે. ઘાયલ યા માંદું પંખી ફરીથી ઊડવાને શક્તિમાન થાય અથવા તો મરણ પામે ત્યાં સુધી તેની સાથે રહે છે. ત્યારબાદ એ બે પંખીઓ પાછળ આવતા નવા સમૂહમાં જોડાઈ જઈ, આગળ વધે છે યા તો થોડું જોર કરી એકબીજાની સાથે સાથે ઊડતાં રહી, તેમના મૂળ સમૂહને પકડી પાડી તેમાં ફરીથી જોડાઈ જાય છે.

***સાર*** : જો આપણામાં પંખી જેટલી સૂઝ હોય તો આપણે એકબીજાને મુશ્કેલીમાં ઓથ આપીશું. આપણે શક્તિશાળી અથવા સમર્થ હોઈએ ત્યારે પણ એકબીજાની આપત્તિમાં વહારે જઈશું.

***સૌજન્ય : "હૃદયરોગ : સર્વાંગી અભિગમ" પુસ્તકમાંથી સાભાર***

## ગઝલ

અશ્રુના તોરણને પાંપણે વધાવ તું વસંત,
ઈચ્છાની પાનખરને હૃદયે બંધાવ તું વસંત.

ઢળતી રાતોના ઉજાગરા ખૂબ અમે માણ્યા,
ઉષાના પગરવે ઝાંઝર ઝણકાવ તું વસંત.

કોઈ ખોલી બેઠું છે ઉંમરની આ ગાંસડી,
આયખાની પળનો હિસાબ સમજાવ તું વસંત.

બંધ મુઠ્ઠીમાં સાચવી છે થોરના કાંટોની મહેક,
લૂ ઝરતી જિંદગીને ઝંઝાના અમી પીવરાવ તું વસંત.

રોજ ફૂટે છે સ્મરણોની કૂંપળ રોમ રોમ મહીં
એકાદ જનોઈવઢ ઘા યાદો પર કરાવ તું વસંત.

પીપળો સમજીને રોજ પૂજ્યા બાવળિયા અમે,
છેલ્લી ઘડીએ વિશ્વરૂપ દર્શન કરાવ તું વસંત.

***– લતા સોલંકી***

***સૌ. "સાંધ્યદીપ" કાવ્યસંગ્રહ - ૨૦૧૮***

## "સામાન્ય જ્ઞાન"ના જવાબો


**જવાબો** : (૧) A, (૨) C, (૩) C, (૪) B, (૫) A, (૬) D, (૭) D, (૮) A, (૯) C, (૧૦) D, (૧૧) B, (૧૨) D, (૧૩) D, (૧૪) A, (૧૫) C, (૧૬) C, (૧૭) A, (૧૮) A, (૧૯) C, (૨૦) C.

**વ્યક્તિ વિશેષ**

# પ્રત્યારોપણ પ્રેમ નું

**હંસરાજ કંસારા**

બીમારની સારવારમાં 'પ્રેમ'નું પ્રત્યારોપણ થાય તો? તો એની સારવાર સાર્થક થાય. ચિકિત્સક અને એના સહાયકોની રોગી પ્રત્યે માયાળુ વર્તન Compassion તેમજ એના સ્વજનોની લાગણીસભર સુશ્રુષા પ્રેમનું વ્યાપક પ્રત્યારોપણ કહેવાય. પરંતુ અહીં એક અન્ય પ્રકારના 'પ્રેમ'ના પ્રતિરોપણની વાત છે.



*સાહિત્ય સર્જક શ્રી માધવ રામાનુજ*

ઉપરોક્ત 'પ્રત્યારોપણ પ્રેમનું' શિર્ષક કિડની દર્દી કલાકારો દ્વારા પ્રસ્તુત નાટકનું છે.

અમદાવાદની સિવિલ હોસ્પિટલ કેમ્પસ સ્થિત કિડની ઇન્સ્ટીટ્યુટમાં કિડની દર્દીઓ અને કિડની દાતા ભાઈ બહેનોના સક્રિય સહયોગથી જનજાગૃતિ હેતુ, કિડની થિયેટરની સ્થાપના થઈ છે. આ થિયેટરના પ્રણેતા ઇન્સ્ટીટ્યુટના બોર્ડ ઑફ ડિરેક્ટર્સના સભ્ય અને માનવ સંસાધન વિભાગના વડા, શ્રી માધવ રામાનુજ છે. તેઓશ્રી પ્રતિ વર્ષે આ વિષયને સ્પર્શતા બે નાટકો લખે છે.

શ્રી માધવ રામાનુજનો જન્મ અમદાવાદ જીલ્લાના પચ્છમ ગામમાં ૨૨ એપ્રિલ, ૧૯૪૫ના રોજ થયો. ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્ય સર્જક, વિશેષતઃ કાવ્ય સર્જક તરીકે એમની આગવી અને વ્યાપક ઓળખ છે. ત્રણ કાવ્ય સંગ્રહો : 'તમે', 'અક્ષરનું એકાંત' અને 'અનહદનું એકાંત'; ચાર નાટકો : (૧) એક હતી રૂપા, (૨) વર્તમાન, (૩) 'અક્ષરનું અમૃત' (પ.પૂ. પ્રમુખ સ્વામીના જીવન પ્રસંગો) અને (૪) 'રાગ વૈરાગ' (કિડની ઇન્સ્ટીટ્યુટના સંસ્થાપક પદ્મશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદીના જીવન પર આધારીત) અને ત્રણ નવલકથા : (૧) પિંજરની આરપાર, (૨) સૂર્ય પુરુષ (ભાગ : ૧-૨-૩), (૩) કૃણાલની ડાયરી તેમજ ભવાઇ વેશ 'જસમા'નું પુનર્લેખન - 'ગુરૂ ગણિકા' ઉપરાંત દૂરદર્શન અમદાવાદની પ્રથમ ટેલી ફિલ્મ 'રેવા' એમના નોંધપાત્ર સર્જન છે.

'એપ્લાઇડ આર્ટ'ના અભ્યાસી માધવ રામાનુજ અમદાવાદની શેઠ સી.એન. કૉલેજ ઑફ ફાઇન આર્ટના પ્રિન્સિપાલ પદે હતા. એમણે રાષ્ટ્રીય પોલિયો નાબૂદી કાર્યક્રમ માટેના જનજાગૃતિ અભિયાનમાં ચિત્રકારોને રસ લેતા કરવા અમદાવાદના કાંકરીયા તળાવ ફરતે અઢી કિલોમીટરના કેનવાસ પર ગુજરાતના બે હજાર ચિત્રકારો દ્વારા ચિત્રાંકનનું સફળ આયોજન કર્યું હતું. તદુપરાંત પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર ઉદયપુર દ્વારા આયોજીત દેશભરના ત્રણસો કલાકારોને 'મરુ સે સાગર તક' કાર્યક્રમનું ગુજરાત આયોજન સંભાળ્યું હતું.

શ્રી રામાનુજ ગુજરાત રાજયની લલિત કલા અને સંગીત નાટક એકેડેમી અને ગુજરાતી ફિલ્મ ઍવોર્ડ કમિટીના સભ્ય હતા તથા પાંચ વર્ષ માટે સંગીત નાટક એકેડેમી દિલ્હીમાં તેઓશ્રીએ ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

હાલે તેઓશ્રી દલિત સાહિત્યકાર ઍવોર્ડ અને સાહિત્ય સંગીત લોક કલા, રંગભૂમિ કલા, રમતગમત અને શિક્ષણ ક્ષેત્રે રાજ્ય ઍવોર્ડ સમિતિના સભ્ય છે. તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ છે તેમજ આકાશવાણી અને દૂરદર્શન સલાહકાર સમિતિના સભ્ય છે. 'વિચરતા સમુદાય'ના સમર્થન મંચના તેઓશ્રી પ્રમુખ છે. તેઓશ્રીએ લિટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકાના નિમંત્રણથી યુ.એસ.એ. અને પૂ. મોરારીબાપુના આમંત્રણથી કેન્યા, થાઈલેન્ડ અને લંડનનો પ્રવાસ કર્યો છે.

શ્રી રામાનુજના કાવ્ય સંગ્રહ **'તમે'**ને શ્રેષ્ઠ કાવ્ય સંગ્રહનો ઍવોર્ડ અને નવલકથા **'પિંજરની આરપાર'**ને ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય એકેડેમી, બંને સંસ્થા તરફથી શ્રેષ્ઠ નવલકથા ઍવોર્ડ મળ્યા છે. શ્રેષ્ઠ ફિલ્મી ગીતો માટે પણ એમને ૧૯૭૪ અને ૧૯૯૯માં ઍવોર્ડ મળ્યા છે. તદુપરાંત એકલવ્ય એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી લાઇફ ટાઇમ એચિવમેન્ટ ઍવોર્ડ અને ગુજરાતી સાહિત્યના સર્વોચ્ચ સન્માન રૂપ **'નરસિંહ મહેતા ઍવોર્ડ'** પણ તેઓશ્રીને પૂ. મોરારીબાપુના હસ્તે મળ્યો છે.

શ્રી માધવનો પ્રથમ પ્રેમ કાવ્ય સર્જન પ્રત્યે છે. ૨૨ એપ્રિલ, ૧૯૯૫ના રોજ માધવે એમના પચાસમા જન્મ દિવસે લખ્યું છે કે તેઓ "....કવિતાને સમજવાનો પ્રયાસ કરે છે." માતાના મુખે ને બહેનીના કંઠે નીતરતાં રહેલાં હાલરડાંએ, જાણે અજાણે એમને લયની અદ્‌ભુત દુનિયામાં પ્રવેશ અપાવ્યો.

શ્રી માધવની સમગ્ર કવિતાના સંપુટ 'અંતરનું એકાંત'માં શ્રી રઘુવીર ચૌધરી લખે છે કે, "...ગામમાં જન્મ્યા, કુદરતને ખોળે ઉછર્યા, તળપદી ભાષા અને જાનપદી લાગણીઓ સાથે નગરમાં આવ્યા. જૂની નવી પરિસ્થિતિઓએ (એમની) યુવા મનઃસ્થિતિમાં આધુનિક સંવેદનાના સંચલનો જગવ્યાં....".

શ્રી ચૌધરી માધવની કવિતા વિશે વધુમાં લખે છે કે એમની કવિતામાં સંદિગ્ધતા નથી, સુરેખતા છે. "...નગરના મંચ પરથી પોતે કોને કવિતા કહે છે એની જાણ છે, તેથી એ વધુ ભાવકો સુધી પહોંચનારા કવિઓમાંના એક છે... આજે તેઓ કિડની હોસ્પિટલમાં ડૉ. એચ. એલ. ત્રિવેદીને સેવા સહયોગ આપી રહ્યા છે. 'લેખન શક્તિ'ને આરોગ્યવૃધ્ધિ માટે પ્રયોજી રહ્યા છે...." એમના એક કાવ્યમાં વંચિતોની વ્યથાને વાચા મળી છે. આ પણ એક પ્રકારે કાવ્ય સર્જકના પ્રેમનું, એમની સંવેદનાનું પ્રત્યારોપણ છે.

માધવના *'તમે'* પુસ્તકની પ્રસ્તાવનામાં ડૉ. ચંદ્રકાંત શેઠ લખે છે કે "આ કાવ્ય સંગ્રહની ૧૯૯૫માં ત્રીજી આવૃત્તિ થાય છે તે આનંદની વાત છે. માધવનાં ગીતો, કાવ્યો ભાવકો બબ્બે દાયકાથી માણતા રહ્યા છે એ એક ઉલ્લેખનીય બાબત છે. માધવની ગીત રચનામાં એવું સત્વ છે, એવી કેટલીક સિધ્ધિ છે કે જેના કારણે હવે પછીની પેઢીઓ પણ એની અનેક ગીત રચનાઓ ઉલટથી માણશે, ગાશે અને પ્રમાણશે."

શ્રી માધવના સન્મિત્ર શ્રી હરિકૃષ્ણ પાઠક લખે છે કે, "સમણાં અને સંભારણાનો એક વૈભવ આ કવિ પાસે અભરે ભર્યો છે. તેને અરૂઢ રીતે, અપૂર્વ રૂપે આલેખવાનું કવિનું કૌશલ દાદ માંગી લે તેવું છે." વધુમાં શ્રી પાઠકજી લખે છે કે, "કવિની કલમે વૈયક્તિક અંગત સંવેદનો જ વ્યકત થતા નથી. તેમની કલમે એક વ્યાપક સમષ્ટિગત સંવેદના વ્યક્ત કરતાં કાવ્યો ઉપરાંત ઊંડી વ્યથાના કાવ્યો પણ મળ્યાં છે."

## કવિ રામાનુજના ગીતો / કાવ્યોના કેટલાક અંશ

### 'પીઠી પીળી ને રંગ રાતો' ફિલ્મના ગીતની છેલ્લી કડી

*કોઈની પીઠી, કોઈના ફેરા, કોઈનો ઘરસંસાર*
*આમ જુઓ તો લાખે લેખા, આમ નહીં કંઈ સાર*
*સંબંધોના તાણાવાણા*
*વેદના અપરંપાર*
*ભાઈ, આ તો સમણાંનો વહેવાર!*

### 'વિચરતા સમુદાયની વ્યથા' ગીતની એક કડી

*(પૂ. મોરારીબાપુએ વિચરતા સમુદાય માટે કથા આપી. એ કથાના આમંત્રણ કાર્ડમાં મુકવા નિમિત્તે વિચરતા સમુદાયની આ વ્યથાને માધવે આ ગીતમાં વ્યક્ત કરી.)*

*આ ધરતીની કૂખે જન્મ્યાં તોય રહ્યાં પરાયાં રે...*
*નહીં ઠામ નહીં ઠેકાણાં, જાણે ઢોર હરાયાં રે*
*ભૂખ દુઃખ સંતાપ વેદના*
*કોને જઈને કહીએ રે...*
*અમે રઝડતાં, અમે ભટકતાં*
*વગડે ભટકતાં રહીએ રે*

### પાણી

*અનરાધાર વરસતું ભાળી, રખે વહેમમાં રહેતા,*
*વહી જતાં નથી વાર લાગતી, રખે વહાવી દેતા...*
*પૈસાની જેમજ હંમેશાં, બચત કરો તો તારે –*
*પાણી પાર ઉતારે...*

*એક એક ટીપા માટે ટળવળનારાને પૂછો!*
*ખુલ્લા નળની ધારે વહેતા જળની વેદના પૂછો*
*સંયમ નહીં રાખો તો છેવટ કોઈ નહીં ઉગારે...*
*પાણી પાર ઉતારે...*

*ખેંચી ખેંચીને બહુ ખેંચ્યું, હવે ક્યારે પાછું ભરશો?*
*સાતે સાત પાતાળ ઉલેચ્યાં, કહો, હવે શું કરશો?*
*ખાલી તળ ને ભરવાના, સંકલ્પ કરો અત્યારે...*
*પાણી પાર ઉતારે...*

**સૌ. અંતરનું એકાંત (સમગ્ર કવિતા), માધવ રામાનુજ**
**પ્રકાશન વર્ષ : ૨૦૧૭**

(આ માસની ૨૨ એપ્રિલના રોજ માધવ એમના ચુમ્મોતેરમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે ત્યારે 'સેતુ' પરિવાર એમને હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવે છે.)

*કોઈનો સાથ એવું માનીને છોડી ન દેતા કે એની પાસે હવે કાંઈ રહ્યું નથી તમને દેવા માટે...*
*પરંતુ એવું માનીને સાથ નિભાવજો કે એની પાસે ગુમાવવા જેવું હવે કંઈ બાકી રહ્યું નથી*
*– માત્ર તમારા સિવાય.*

# દાનનો મહિમા

હંસરાજ કંસારા

તાજેતરમાં મુંબઈ મધ્યે સામાજિક ઉદ્દેશ માટે, દાનનો મહિમા ઉજાગર કરતી એક નાનકડી પરંતુ ખૂબ જ મહત્ત્વની ઘટનાની વિગતો અત્રે પ્રસ્તુત છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત સામયિક 'કચ્છશ્રુતિ'ના માર્ચ-૨૦૧૮ના અંકમાં આ ઘટનાનું વિસ્તૃત વર્ણન આપેલું છે. આ ઘટના મુંબઈની 'શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન' સંસ્થા સંદર્ભે છે. આ સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી શ્રી દીપકભાઈ ભેદા (મૂળ વતન : મોખા, કચ્છ હાલે મુલુંડ, મુંબઇ)ને ઘેર એમના પુત્ર અને ભત્રીજાના લગ્ન પ્રસંગ દરમિયાન સંપન્ન થયેલી ઘટનાની છે.

આ પ્રસંગે મુંબઈ સ્થિત કચ્છી જૈન શ્રેષ્ઠીઓ પધારેલ હતા. એ સમય દરમિયાન, આ મહાનુભાવો વચ્ચે સહજ એવી વાતવાતમાં, મુંબઈ સ્થિત વસવાટ કરતા કચ્છી (જૈન) ભાંડરુઓના રહેણાંકના ઘર, પોતીકાં થાય તે માટે 'સ્વમાન આવાસ યોજના' માટે ફંડ એકત્રિત કરવાની, મુંબઈ કચ્છી જૈન સમાજના અગ્રણી શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ ટહેલ નાખી. એમની આ ટહેલનો તત્ક્ષણે ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો. તેજ વખતે, માત્ર અડધા કલાકમાં રૂા. ૩૩.૫૭ કરોડનું દાન જાહેર થઈ ગયું. એ સમયે, સમૂહમાં બેઠેલા ૨૭ દાતાશ્રીઓએ, ૧૧ લાખથી લઈને સાડા પાંચ કરોડ જેવી માતબર રકમો આપવાની જાહેરાતો કરી.

કોઈપણ સંગઠિત સમાજમાં કેટલાક શ્રીમંત શ્રેષ્ઠીઓ, સમાજલક્ષી કાર્ય માટે સખાવત કરવા સદૈવ તત્પર હોય છે. આ પ્રસંગ તેનું ઉત્તમ ઉદાહરણ છે, ***જે આપણને સંગઠિત સમાજ અંતર્ગત અસરકારક 'દાન પ્રક્રિયા' માટે આવશ્યક એવી નીચેની પાંચ બાબતો પ્રત્યે આપણું ધ્યાન દોરે છે.***

૧. ***ઉદ્દેશ :*** જે કંઈ સમાજલક્ષી પ્રવૃત્તિ / આયોજન કરવાનું હોય તે સમસ્ત સમાજ, વિશેષ કરીને સમાજના જરૂરતમંદ સભ્યોના હિત-લક્ષી ઉદ્દેશ હોવો જોઈએ.

૨. ***પ્રવૃત્તિનો અગ્રતા ક્રમ :*** નિર્ધારીત પ્રવૃત્તિ સમાજની તત્સમયની અગ્રતાક્રમે 'માંગ-પૂર્તિ' કરતી હોવી જોઈએ.

૩. ***પ્રતિષ્ઠા :*** સામાજિક સંગઠનની સમાજલક્ષી કાર્યો સંપન્ન કર્યાનો અનુભવ અથવા કરી શકવા સક્ષમ છે, તેવી પ્રતિષ્ઠા હોવી જોઈએ.

૪. ***પારદર્શકતા :*** સમાજની કાર્યશૈલી પારદર્શક હોવી જોઈએ.

૫. ***વિશ્વસનીયતા :*** દાતાશ્રીઓને, એમના દાનનો, જે પ્રવૃત્તિ માટે આપ્યું હોય, તે માટે જ, યથોચિત ઉપયોગ થશે જ, એવો વિશ્વાસ હોવો જોઈએ.

આ પાંચ બાબતો વિશે, જે તે સામાજિક સંગઠનના નેતૃત્વ તેમજ કાર્યકર્તાઓ, સ્પષ્ટ હોય તો કોઈ પણ સામૂહિક / સામાજિક કાર્ય માટે દાન - સરવાણી અસ્ખલિત વહી શકે છે.

## એક નાનકડી ઘટના

એક નાનકડી ઘટના છે. એક દીકરી પરણીને સાસરે જાય છે. ત્યાં તેને દીકરી જન્મે છે. નાનકડી બબુ પિતાને અને દાદા-દાદીને ખૂબ જ વહાલી છે. ઉંમરના હિસાબે સાસુ અને વહુ વચ્ચે ખટરાગ થાય છે. માતા-પિતાનો એક જ દીકરો છે. તે અલગ રહેવા માટે તૈયાર નથી. પત્ની સાસરે જાય છે. બંને વચ્ચે ખૂબ જ પ્રેમ અને લાગણી છે. પત્નીને અલગ રહેવું છે. દિવસો નીકળતા જાય છે. નાનકડી બબુ પિતા પ્રેમ માટે તરસે છે. દાદા-દાદી અને પિતા ક્યારેક રડી પડે છે. બંને જીદના કારણે સમજવા તૈયાર નથી. આખરે દીકરી પરણવા જેવડી થઈ.

દીકરી પરણીને સાસરે જાય છે. તેને દીકરો જન્મે છે. અગાઉની જેમ જ દીકરીને અલગ રહેવું છે પણ પતિ તૈયાર નથી. દીકરીની મા સતત રડવા લાગે છે. તે દીકરીને કહે છે, 'દીકરી, આમ ને આમ જિંદગી નીકળી જશે. તારા પુત્રને પિતા-દાદાનો પ્રેમ નહીં મળે. તને પતિ વગર જીવવું પડશે. જિંદગીમાં ગયેલા આનંદના દિવસો પાછા નહીં મળે. જિંદગી ના મિલે દોબારા...' સામા પક્ષે પતિ ખૂબ જ પસ્તાય છે. એકલું જીવન પશુ બરાબર લાગે છે. બધુ સુખ છે આ જિંદગીમાં, છતાં કલરવ કરતું બાળક છે, છતાં નથી. તેને અફસોસ થાય છે ત્યારે...

દીકરો પોતાના માતા-પિતાને સમજાવીને અલગ રહે છે. સમજુતી એવી થાય છે કે દરરોજ એક વખત ત્રણે જણ વડીલો પાસે જાય છે. દાદા-દાદી થોડીવાર પૌત્રને રમાડે છે, દીકરાનો પરિવાર જોઈને ખુશ થાય છે. થોડુંક જતું કરવાથી બધું જ સુખ મળે છે. જે પોતાના છે તે જિંદગીભર પોતાના જ રહેશે. પ્રથમ જન્મ દિવસ ઉજવવો તેવો નિર્ણય થાય છે. સગાસંબંધી મોટા ઘેર એકઠા થાય છે. નાની એવી પાર્ટીનું આયોજન થાય છે. સૌ ખૂબ જ આનંદમાં છે અને સૌના મુખેથી નીકળી જાય છે 'યે જિંદગી ના મિલેગી દોબારા...'

તમને આ લેખ કેવો લાગ્યો? આપના વિચારો જણાવશો. કોઈને દુઃખ થાય તો માફ કરશો. જિંદગી સમજી સમજીને જીવીએ. બધાનો વિચાર કરીએ. માતા-પિતાનું માન જાળવીએ અને પત્ની-બાળકોને ખુશ રાખીએ. ઘરની પત્ની ખુશ, તો લક્ષ્મી ખુશ.

***પ્રેષક : છત્રાળા મહેશકુમાર તુલસીદાસ - અંજાર***
***મો. ૯૯૨૫૩ ૧૭૬૦૮***

સંકલન : કુ. કૃપા સાકરીયા - ભુજ

**૧.** સૌથી મોટી ઉંમરમાં વડાપ્રધાન બનનાર કોણ હતા?
(A) મોરારજી દેસાઇ (B) નરેન્દ્ર મોદી
(C) અટલબિહારી વાજપેયી (D) ઇંદીરા ગાંધી

**૨.** ઇન્દ્રોડા પાર્ક (પ્રાણી સંગ્રહાલય) ક્યાં આવેલો છે?
(A) અમદાવાદ (B) જૂનાગઢ
(C) ગાંધીનગર (D) વડોદરા

**૩.** કઈ દેવી ન્યાયતંત્રનું પ્રતીક છે?
(A) ગંગા (B) વિશ્વા
(C) આસ્ટીન (D) આસિત

**૪.** વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહાસાગર દિવસ જૂનના કયા દિવસે મનાવાય છે?
(A) ૭ જૂન (B) ૮ જૂન
(C) ૯ જૂન (D) ૧૦ જૂન

**૫.** કઈ મીઠાઈ મુસ્લિમો ભારતમાં લાવ્યા હતા?
(A) જલેબી (B) ગુલાબજાંબુ
(C) ટોપરા પાક (D) લાડુ

**૬.** ઝવેરચંદ મેઘાણીને કયા કાવ્ય સંગ્રહ માટે રાષ્ટ્રીય શાયરનું બિરૂદ મળ્યું હતું?
(A) સિંધુડો (B) રવીન્દ્ર વીણા
(C) બાપુના પારણા (D) યુગવંદના

**૭.** છડી મુબારકનો સંબંધ કઈ ધાર્મિક યાત્રા સાથે છે?
(A) માનસરોવર યાત્રા (B) ચારધામ યાત્રા
(C) વૈષ્ણોદેવી (D) અમરનાથ યાત્રા

**૮.** જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રીનો કાર્યકાળ કેટલા વર્ષનો છે?
(A) ૬ વર્ષ (B) ૫ વર્ષ
(C) ૪ વર્ષ (D) ૩ વર્ષ

**૯.** કાર્ડેમમની પહાડીઓ કયા રાજ્યોની સીમા પર આવેલી છે?
(A) કર્ણાટક અને તામિલનાડુ (B) કર્ણાટક અને કેરલ
(C) કેરલ અને તમિલનાડુ (D) તમિલનાડુ અને આંધ્ર પ્રદેશ

**૧૦.** વર્ષ ૧૯૦૭માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વાર્ષિક અધિવેશનના અધ્યક્ષ કોણ હતા?
(A) દાદાભાઈ નવરોજી (B) બાળગંગાધર ટીળક
(C) ગોપાલકૃષ્ણ ગોખલે (D) રાસબિહારી ઘોષ

**૧૧.** કયા ક્રાંતિકારીનું વાસ્તવિક નામ રામચંદ્ર પાંડુરંગ હતું?
(A) કુંવરસિંહ (B) તાત્યા ટોપે
(C) નાના સાહેબ (D) મંગલ પાંડે

**૧૨.** ક્ષય રોગ (ટી.બી.) માટેનું કયું વિશિષ્ટ પરીક્ષણ છે?
(A) રોબર્ટ પરીક્ષણ (B) વિડાલ પરીક્ષણ
(C) કાન પરીક્ષણ (D) મોન્ટોકેમ પરીક્ષણ

**૧૩.** કયું સ્થળ ખેડૂત આંદોલન સાથે સંકળાયેલું નથી?
(A) બારડોલી (B) ખેડા
(C) ચંપારણ (D) નોઆખલી

**૧૪.** ભારતીય બંધારણમાં શોષણ વિરુધ્ધના અધિકારીનું વર્ણન કયા અનુચ્છેદોમાં કરવામાં આવ્યું છે?
(A) ૨૩-૨૪માં (B) ૧૯-૨૦માં
(C) ૧૪-૧૫માં (D) ૧૬-૧૭માં

**૧૫.** મોરચંગ શું છે?
(A) નૃત્યશૈલી (B) ગાયન શૈલી
(C) વાદ્ય યંત્ર (D) ચિત્ર શૈલી

**૧૬.** કયા શબ્દોથી ભારતના બંધારણના આમુખની શરૂઆત થાય છે?
(A) લોકતંત્રવાદી ભારત (B) લોક ગણરાજ્ય
(C) અમે ભારતના લોકો (D) લોક પ્રભુસત્તા

**૧૭.** કઇ સાહિત્યિક સંસ્થા સરકાર સંચાલિત છે?
(A) ગુજરાતી સાહિત્ય અકાદમી
(B) ગુજરાત વિદ્યાસભા
(C) ગુજરાતી સાહિત્ય સભા
(D) ગુજરાત સાહિત્ય પરિષદ

**૧૮.** ક્યાંનો લોકલ ટાઇમ અને ભારતીય સ્ટાન્ડર્ડ ટાઇમ એક સરખા છે?
(A) અલ્હાબાદ (B) મુંબઈ
(C) કોલકાતા (D) ચેન્નાઇ

**૧૯.** 'યુવા તૂર્ક'ના નામથી ઓળખાતા ભારતના વડાપ્રધાન કયા હતા?
(A) વી.પી. સિંહ (B) રાજીવ ગાંધી
(C) ચંદ્રશેખર (D) લાલબહાદુર શાસ્ત્રી

**૨૦.** સુપ્રીમ કોર્ટમાં બંધારણીય બેન્ચમાં કેટલા ન્યાયાધીશ હોય છે?
(A) ૪ (B) ૫ (C) ૭ (D) ૧૦

## કવિ માધવ રામાનુજના હસ્તે 'કલર્સ ઑફ રણ' પુસ્તકનું વિમોચન



કચ્છમાં ભચાઉ તાલુકાના ચોબારી ગામે વાગડ પ્રાકૃતિક સંઘના નેજા હેઠળ તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં જાણીતા કવિ અને સર્જક માધવ રામાનુજે રામજી મેરિયાના અંગ્રેજી પુસ્તક 'કલર્સ ઑફ રણ'નું વિમોચન કર્યું હતું. આ પ્રસંગે સંખ્યાબંધ કચ્છી કલાકારો, કવિઓ અને સાહિત્ય રસિકોની ઉપસ્થિતિમાં કવિ માધવ રામાનુજે પોતાની કવિતાનું પઠન કરી સાહિત્ય રસિકોના દિલ જીતી લીધા હતા. કલર ફોટોગ્રાફ્સ અને રણની વિવિધ માહિતીસભર પુસ્તકનું વિમોચન કરતાં કવિએ વાગડમાં આધુનિક યાત્રાધામ વિકસી રહ્યા હોવાની લાગણી વ્યક્ત કરી હતી. આ અવસરે અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહેલા અને 'કચ્છશ્રુતિ' તથા 'સેતુ' મેગેઝિનના માનદ્ સલાહકાર હંસરાજભાઈ કંસારાએ કચ્છના લેખકો, કલાકારો અને કવિઓને માણીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો. કવિ પ્રભુ સિદ્ધપુરા તથા કવિ મૂળજી ચાવડાએ પોતાની રચના રજૂ કરીને સર્વેની દાદ મેળવી હતી. આ કાર્યક્રમ સવારે ચોબારી અને બપોર બાદ એકલ માતા મંદિરના પાછળના સફેદ



રણમાં યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય પંકજભાઈ મહેતા, પૂર્વ નાણામંત્રી બાબુભાઈ મેઘજી શાહ, યોગી દેવનાથ બાપુ, ચિત્રકાર બાબુભાઈ સોની સહિત અનેક કલા રસિકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાણા ભગત કલાકાર વૃંદે કચ્છી ગુજરાતી સંગીત પીરસીને સૌની પ્રશંસા મેળવી હતી. કાર્યક્રમની સાથે કચ્છ વાગડની લોકકલા, સંસ્કૃતિ, જીવસૃષ્ટિ અને રણની તસવીરોનું પ્રદર્શન પણ યોજાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પત્રકાર અશ્વિન ઝિંઝુવાડિયાએ તથા આભારદર્શન હંસરાજભાઈ કંસારાએ કર્યું હતું.

## ભુજમાં વિજયરાજજી પુસ્તકાલયમાં કવિ માધવ રામાનુજ સાથે સાહિત્ય રસિકોનું મિલન યોજાયું

કવિતાનું સર્જન કરતાં તેના વિશે બોલવું વધારે વિકટ છે. કાવ્ય સર્જન વખતે શબ્દો રીતસરનું આક્રમણ કરતા હોય છે. જાણીતા સર્જક, કવિ, પત્રકાર માધવ રામાનુજે તાજેતરમાં ભુજ ખાતે વિજયરાજજી પુસ્તકાલયમાં સાહિત્ય રસિકો અને સર્જકો સાથેના મિલનમાં આ પ્રમાણે જણાવ્યું હતું. કવિ માધવ રામાનુજે પોતાની અમદાવાદ પ્રાણી સંગ્રહાલયના ડૉ. રૂબીન ડેવિડ તથા પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના જીવનચરિત્ર પરથી લખેલી નવલકથા કયા સંજોગોમાં લખાઇ તેની રસપ્રદ વિગત રજૂ કરી હતી. તેમણે પોતાની કાવ્ય રચનાઓની પણ રજૂઆત કરી હતી. શરૂમાં, વિજયરાજજી પુસ્તકાલયના પ્રમુખ ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન કરી માધવ રામાનુજ તથા અમદાવાદથી ખાસ ઉપસ્થિત રહેલા હંસરાજભાઈ કંસારાનું સ્વાગત કર્યું હતું. કવિ માધવ રામાનુજે અસ્ખલિત વાણીમાં રસિકોને રસ તરબોળ કર્યા હતા. કાર્યક્રમમાં સંજય ઠક્કર, કરમશીભાઈ પટેલ, કીર્તિભાઈ ખત્રી, હરેશભાઈ ધોળકિયા, નિરૂપમ છાયા, ડૉ. કાંતિભાઈ ગોર, ગૌતમ જોશી, ગ્રંથપાલ વિજયરાજજી જાડેજા સહિત બહોળી સંખ્યામાં સાહિત્ય રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

*(વર્તમાનપત્ર પર આધારિત)*

***સંકલન : દિનેશ આર. મહેતા***

*કામ હોય ત્યારે જ કોઈને યાદ કરીને 'કેમ છો?' એમ પૂછો તો તે સ્વાર્થ કહેવાય. કામ ન હોય છતાં અવારનવાર રૂબરૂ કે ફોન દ્વારા 'કેમ છો?' પૂછો તો એને સંબંધ કહેવાય.*

ગીતાબહેન પટેલ – ખાલી પાંચ ચોપડી ભણેલા. પણ એમની કોઠાસુઝ ગજબની!

એમના પતિ કરશનભાઈને ડૉક્ટર ભાવસાર સાહેબે આ વખતે તો ચોક્ખા શબ્દોમાં કીધું કે – હવે ડાયાબિટીસ કાબૂમાં નહીં રાખો તો પગ કપાવવો પડશે! આ છેલ્લી વખતનું ઓપરેશન છે. જો 'સડો' હાડકામાં પહોંચ્યો... તો આટલા ડાયાબિટીસને લીધે 'સેપ્ટિસીમિયા' થઈ આખા શરીરમાં એનું ઝેર પહોંચી શકે છે! જો એવું થાય તો ઝેરના લીધે કિડની, લીવર, મગજ, ફેફસા અને હૃદય – બધું જ ઠપ્પ થઈ જાય! ગીતાબહેને પણ આ વાતને ગંભીરતાથી લીધી.

એમણે ભાવસાર સાહેબને પૂછ્યું કે 'પહેલા તો એક ગોળીથી ડાયાબિટીસ કાબૂમાં આવતો હતો. પછી ધીમે ધીમે બે-ત્રણ-ચાર ગોળીઓ અને પાછળથી તો એ પણ અસર કરતી નહોતી. હવે તો ઇન્સ્યુલીનના ઇંજેક્શન પણ થાકી ગયા હતા. આ વખતનો એચ.બી.એ.વન.સી. રિપોર્ટ ૧૨.૫ હતો. ફાસ્ટીંગ ૨૨૦ અને પી.પી.બી.એસ. ૪૫૦. દિવસે દિવસે પરિસ્થિતિ બેકાબૂ બનતી હતી. એમાં હવે પગમાં કશું વાગી જાય તો ખબર પણ પડતી ન હતી! જ્યારે પાકે અને રસી નીકળે... ત્યારે - કોઈ કહે તો જ કરશનભાઈનું ધ્યાન જાય. એમના પગલના તળિયામાં સોય વાગે કે કાચ, કોઈ જ વેદના ન થાય. આનું કારણ જાણવા ગીતાબહેને સાહેબને વિનંતી કરી.

ડૉક્ટર ભાવસાર સાહેબે જણાવ્યું કે લાંબાગાળાના ડાયાબિટીસમાં આખા શરીરની લોહીની નળીઓ અને ચેતાઓ સૂઝી જાય છે. હૃદય, કિડની, મગજ વગેરે અંગો ખરાબ થઈ જાય છે. હૃદય અને મગજમાંથી વિવિધ અંગો હાથ પગ તરફ આવતી જતી ચેતાઓ પણ સૂઝીને બિનકાર્યક્ષમ થઈ જાય છે. આ બધાને કારણે રોગપ્રતિકારક શક્તિ પણ ઘટે છે અને સંવેદના પણ જતી રહે છે. એટલે નાનું મોટું વાગવાનું થાય તો ખબર પડતી નથી. ગીતાબહેને પૂછ્યું કે, 'સારામાં સારા ડાયાબિટીસના ડૉક્ટરોને બતાવવા છતાં આ રોગ કેમ કાબૂમાં નથી આવતો?'

ડૉ. ભાવસારે જૂની બધી ફાઈલો અને રિપોર્ટ તપાસ્યા. ડૉક્ટરો તો બધા ડિગ્રીધારી હતા. કોઇ ઊંટવૈદ પાસે તો એ લોકો જતા ન હતા. દવાઓ પણ બધી જ સારી અને સ્ટાન્ડર્ડ હતી. તો પછી પાંચ જ વર્ષમાં આ હાલત શા માટે? ડૉક્ટરે કરશનભાઈના ખોરાક (ભોજન)ની આદતો વિશે પૃચ્છા કરી. ઊંડા ઉતરતા ખબર પડી કે – કરશનભાઈને બે વખત પેટ ભરીને જમવાની આદત હતી. આખા દિવસનો ખોરાક ખૂબ વધારે હતો. પાછી તેમની આદત હતી કે બંને વખત પેટ ભરીને, દબાવીને ઓડકાર આવે એમ ખાવું! પાછું વચ્ચે વચ્ચે નાસ્તા ફરસાણ અને ચાર-પાંચ વખત ચા-પાણી. આ બધી આદતો ડાયાબિટીસના દર્દી માટે તો આપઘાત કરવા બરાબર કહેવાય! બીજું, કરશનભાઈ જમવામાં માત્ર રોટલી, ભાખરી, પરોઠા અને શાક જ ખાતા હતા. બધા ડૉક્ટરોએ એમને ભાત, બટાકા, ખાંડ, ગોળ, આઈસ્ક્રીમ, મીઠાઈથી દૂર રહેવાનું કીધું હતું. એ બધી પરેજીઓનું એ ચુસ્ત રીતે પાલન કરતા હતા. પણ સ્થિતિ વધુ ગંભીર બની હતી. જો કે હજી કિડની રીપોર્ટ બગડ્યા ન હતા. ડૉ. ભાવસારે ગીતાબહેનને સ્પષ્ટ શબ્દોમાં કીધું કે કરશનભાઈને હવે દિવસમાં દર બે-અઢી કલાકે એમ કુલ પાંચથી છ વખત બહુ જ થોડું થોડું ખાવાનું. ખોરાકમાં પણ હવે ૫૦% જેટલા પ્રમાણમાં વિવિધ શાકના સૂપ, તપેલીમાં ઢાંકીને ધીમા તાપે ઉકાળીને બાફીને, પછી એકદમ ઓછા તેલમાં વઘારેલા વિવિધ શાકભાજી, જુદા જુદા સલાડ અને ગળપણ વગરના બધા જ ફળો આપો. બીજા ૨૫% પ્રમાણમાં વઘારેલા સ્પ્રાઉટ (ફણગાવેલા કઠોળ) અથવા વિવિધ પ્રકારની અલગ અલગ ધીમા તાપે ઉકાળીને બાફેલી વઘારેલી દાળ આપો. પ્રેશર કૂકરને બદલે 'ઉકાળી'ને બાફવાનું. એટલા માટે કે ધીમા તાપે ખોરાકનાં પોષક તત્ત્વો સચવાઇ રહે અને નાશ ન પામે! પ્રેશર કૂકર ભારે દબાણમાં ખોરાક રાંધે છે એટલે એની અંદરના ઘણા બધા તત્ત્વો નાશ પામે. બાકીના ૨૫% આખું અથવા અડધું દળેલું બધી જાતનું અલગ અલગ અનાજ આપો. લોટ તો બિલકુલ બંધ! કરશનભાઈ તો ઊકળી ઉઠ્યા અને તાડૂકીને બોલ્યા, 'સાહેબ, લોટ બંધ તો મારે ખાવાનું શું?' ગીતાબહેને કરશનભાઈને શાંત કરીને, સાહેબને પૂછ્યું કે, 'સાહેબ, લોટ કેમ બંધ કરાવ્યો?' ત્યારે સાહેબે ખાંડ, મીઠા અને પાણીનું ઉદાહરણ આપીને કીધું કે, 'જે વસ્તુ તરત જ ઓગળે... તે બહુ જ નુકસાનકારક કહેવાય. જેમકે આખો મોટો ગાંગડો પાણીમાં નાખો તો એને ઓગળતા ખાસી વાર લાગે જ્યારે નાના ટુકડા થોડી મિનિટોમાં ઓગળે અને દળેલો ભૂકો કોઈ પ્રયત્ન વગર તરત જ ઓગળી જાય! એવું જ અનાજનું પણ છે. આખું અનાજ રાંધો તો એ દસ બાર કલાકે લોહીમાં ભળે જ્યારે અડધું દળેલું અનાજ છ આઠ કલાકે ભળે. બારીક દળેલું તરત જ ભળવા લાગે! આટલી સીધીસટ વાત ગીતાબહેનના મગજ પર તામ્રપત્રની જેમ અંકાઇ ગઇ. એમણે હવે કરશનભાઈનું સુગર નીચે લાવવાની આખી જવાબદારી એકલા હાથે ઉપાડી લીધી. વધુમાં ભાવસાર સાહેબે ગીતાબહેનને ચોક્ખા શબ્દોમાં કીધું કે હવે કરશનભાઈને તમારે જાતે રોજ બે વખત પગ સાફ કરી, ધોઈને તપાસી આપવાનાં કે કશું વાગ્યું કર્યું નથી ને? શક્ય હોય તો બધે ચાલતા જ જવાનું. વાહન તો નાછૂટકે જ વાપરવાનું. ખોરાકની સખત પરેજી અને રોજ ૪૦-૪૦ મિનિટ સવાર-સાંજ ચાલવાથી ડાયાબિટીસ એકલા દવા લેવા કરતા વધુ ઝડપથી કાબૂમાં આવે છે. ખાલી પાંચ ચોપડી ભણેલા ગીતાબહેનની સમજણશક્તિ એક ડબલ ગ્રેજ્યુએટ કરતા પણ વધારે હતી. કોઈ સામો સવાલ નહીં. કોઈ કકળાટ કે ચાંપલાપણું નહીં. બહુ ડાહ્યા બહુ ખરડાય. બહુ

ભણેલા વિચારોમાં અને ગુગલના ગૂગલી જ્ઞાનમાં અટવાઈ જાય. ઓછું ભણેલા બહુ જલ્દી સમજી જાય. ઘરે આવીને સૌથી પહેલા તો એમણે પ્રેશર કૂકર અને ઘરઘંટીને સ્ટોર રૂમમાં મૂકી દીધા. સ્ટોર રૂમમાંથી જૂની અસ્સલની પથ્થરની ઘંટી બહાર કાઢી.

ઘઉં, જવ, કઠોળ અને એને ફણગાવવાના કાણાવાળી ટોકરીઓ અને કપડા બહાર કાઢ્યા. બીજે દિવસે સવારે મોળી ચા જોડે વાટકી શેકેલા ચણા નાસ્તામાં આપ્યા. ના પાડતા પાડતા થૂ - થૂ કરતા....પણ કરશનભાઈ આ બધું ગળે ઉતારી ગયા!

હવે ગીતાબહેન ઓસરીમાં બેઠાબેઠા બધી જ જાતના અનાજ જેમકે ઘઉં, જવ, જુવાર, રાગી, બાજરી, મકાઇ વગેરેને પથ્થરીયા ઘંટીમાં દળીને અડધા ભરડ્યા અને બાકીના અડધા અનાજને સાંબેલાથી ખાઈણામાં છડ્યા. પછી તુવેર, ચણા, વટાણા, મગ, મઠ, અડદ, ચોળા અને વાલને ભરડીને એ બધાની અલગ અલગ છોતરાવાળી દાળ પાડી. વાડીમાંથી તાજા શાક અને ફળો લઈ આવ્યા.

આ બધું જોઈને કરશનભાઈ બગડ્યા. ખોટી મહેનત કર મા... હું આ બધું ઘાસફૂસ નથી ખાવાનો! હું તો ચીકાભાઈની હોટલ પર જઈને ફાફડા જલેબી ખાઈ લઈશ અને વધારે ભૂખ લાગશે તો શારદા લોજમાં જઈને દાળભાત, શાક, રોટલી ખાઈ લઈશ... બબડતા બબડતા એ છાપામાં નીરવ મોદીના કૌભાંડને પણ ખણખોતરવા લાગ્યા. રોજ વાગતી કૂકરની સીટીઓ આજે શાંત પડી ગઈ હતી. અને એને બદલે ચટણી પીસવાના ખલદસ્તાની અટરપટર સંભળાતી હતી. કરશનભાઈ બહાર જઈને પેટપૂજા કરવા એક્ટીવાની ચાવી શોધતા હતા પણ એ તો ગીતાબહેને ક્યાંક સંતાડી દીધી હતી. અકળાયેલા કરશનભાઈ ગલીના નાકે જઈ કશોક નાસ્તો કરવા ચંપલ પહેરતા હતા. ત્યાં જ રસોડામાંથી વઘારની સરસ સુગંધ આવી. આવી સુગંધ તો રોજના રોટલી દાળભાતમાં જરાપણ આવતી ન હતી. ફડાક દઈને એમની ભૂખ ઊઘડી ગઈ. રસોડામાં જઈ ગીતાબહેનને પૂછ્યું, 'આ શું બનાવ્યું?'

ગીતાબહેને હળવાશથી મજાકમાં કહ્યું, 'તમારા માટે જ ખાસ ઘાસફૂસ રાંધ્યું છે!' કરશનભાઈ બોલ્યા, 'આજે તો આ ઘાસફૂસ જ ખાઈશ, સરસ સુગંધ આવે છે. અને સાચે જ એ દિવસે કરશનભાઈએ કોઈ જ ફરિયાદ વગર એમની આ નવી રસોઈ આરોગી.'

ગીતાબહેને ઘઉંના ફાડા અને વટાણાને ઉકાળીને મીઠું-મરી નાંખીને બાફેલા અને સાથે ડુંગળી લસણવાળા વઘારથી રીંગણનું પાણીવાળું શાક બનાવેલું. સાથે બે ગ્લાસ ઠંડી મોળી છાશ અને ડિશ ભરીને જીરૂ - મીઠું ભભરાવેલ કાકડી-ટમેટાનું કચુંબર પણ! આજે પણ બરાબર દબાવી દબાવીને ખાધું હતું. પણ પેટ બિલકુલ ભારે ના લાગ્યું. આજે તો બપોરે દુકાને ઊંઘ અને આળસ પણ ના આવી. જમતા પહેલા તો કરશનભાઈને એમ લાગ્યું કે આજે પેટ નહીં ભરાય. પણ આજે જ્યારે સવારે દસ વાગે જમ્યા પછી પણ છેક સાંજે સાત વાગ્યા સુધી વારંવાર ભૂખ ના લાગી, ત્યારે એમને લાગ્યું કે આ તો ખરેખર જાદુ જ છે. નવાઈ એ વાતની છે કે - આજે એમણે દુકાન પર રોજની જેમ સાંજ સુધીમાં ન તો બે-ચાર ચા પીધી, કે ન તો બે-ચાર કોલ્ડ્રિંક મંગાવ્યા. ના મંગાવ્યા કોઈ નાસ્તા-પાણી... અને ના ફાડ્યા ફરસાણના પડીકા. બસ, બપોરે ચાર વાગે ગીતાબહેને એમને આપેલી બે નારંગી એમણે પેશીઓ સહિત ખાધી હતી. એના પર જ આખો દિવસ નીકળી ગયો. રાત્રે બાજરીનું ભડકું અને દૂધીનો સૂપ પીધો. આજથી હવે ઓડકાર આવે એટલું નહીં ખાવાનું એ નિયમ બંનેએ લઈ લીધો.

આમને આમ દિવસો વીતતા ગયા. હવે રોજ નવું નવું અધકચરું દળેલું અનાજ ખીચડીની જેમ બાફીને થાળીમાં આવતું. પાછી રોજ નવી દાળ, રોજ નવા નવા કચુંબર અને રોજ નવું શાક! ક્યારેક પંજાબી શાક હોય, કોઈ વખત ભાજીપાઉંનું શાક હોય, વરાળે ચડેલ ઊંધીયું બને. ક્યારેક કઢી હોય, વળી વઘારેલું દહીં હોય કે પછી ઘણી વખત મદ્રાસી સંભાર! હવે તો સામેથી જ - કરશનભાઈ પરોઠા, રોટલી, પાઉં કે ઇડલીને બદલે રોજ અલગ અલગ બાફેલા અનાજ સાથે આ બધી અવનવી વાનગીઓ ખાવા લાગ્યા. સૂપ, સલાડ, સ્પ્રાઉટ (ફણગાવેલા કઠોળ)ની અનેક વેરાયટીઓ બનવા લાગી. શાક, દાળ અને કઠોળની બધી ચટપટી વાનગીઓ ખાવાની, પણ એની સાથે આવતી લોટની વાનગીઓ રસોડે નહીં બનાવવાની. ગીતાબહેન સાચા અર્થમાં 'રસોડાની રાણી' બની ગયા. હલકું ભોજન કરવાથી હવે રોજ બે વખત અડધો-પોણો કલાક ચાલવાનો પણ આનંદ આવતો. ચાલવાની આળસ જતી રહી એટલે દુકાને જવા માટે હવે એક્ટીવાની જરૂર ન હતી. ચાલવાથી સ્ફુર્તિ આવે એમ સમજણ આવી એટલે એક્ટીવા પણ દીકરાને શહેરમાં મોકલાવી દીધું. આગલા ત્રણ મહિને રિપોર્ટ કરાવ્યા, તો તેઓ માની જ ના શક્યા કે માત્ર લોટ બંધ કરી, અડધું દળેલું અનાજ, દાળ અને શાકભાજી ખાવાથી અને ચાલવાથી અનિયંત્રિત ખરાબ ડાયાબિટીસ આટલો સરસ કાબૂમાં આવી શકે. ડાયાબિટીસના ડૉક્ટર પણ આશ્ચર્યચકિત થઈ ગયા. અને હવે તો ધીમે ધીમે ઇન્સ્યુલીનનો ડોઝ પણ ઓછો થઈ ગયો. વજન અને મેદ ઘટી ગયા. પગ પણ કપાતા બચી ગયો. પાંચ ચોપડી ભણેલા રસોડાની રાણી એવા આપણા ગીતાબહેન સાચા અર્થમાં 'ફાઈવસ્ટાર ડાયેટિશિયન' બની ગયા!!

*શબ્દ વૈષ્ણવ : ડૉ. શ્વેતલ ભાવસાર*
*સંકલનકર્તા : વીરેનભાઈ શેઠ - ભુજ, કચ્છ*
*સંયોજક : ટીમ સુખડિયા (મો. ૭૬૦૦૦ ૦૦૧૩૮)*
*સૌજન્ય : 'ટીમ સુખડિયા', સુખડિયા જનજાગૃતિ અભિયાન*

# અમારો આફ્રિકા પ્રવાસ

**શૈલેષ કંસારા**

આફ્રિકા સાથે કચ્છીઓ / ગુજરાતીઓનો સંપર્ક તો સદીઓનો છે. આપણા સમાજના પણ અનેક પરિવારોનો પણ એક સમયે આફ્રિકામાં કાયમી વસવાટ હતો.

આફ્રિકામાંથી બ્રિટીશ હકુમતને દેશવટો મળતાની સાથે જ ત્યાં વસતા અનેક ભારતીય પરિવારોએ પણ 'બ્રિટીશ નેશનલ' હોવાનો લાભ લઇ ઇંગ્લેન્ડ તેમજ અન્ય યુરોપીય પ્રદેશોમાં વસવાટ કર્યો. ત્યારથી એમ હતું કે હવે આફ્રિકા જોવાનો અવસર કદાચ ક્યારેય ન મળે. પરંતુ કુદરતની અસીમ કૃપા ધરાવતો આ પ્રદેશ જોવાની ઇચ્છા તો ઘણા વખતથી હતી જેનો સંજોગ તાજેતરમાં જ બન્યો.



*નૈરોબીમાં કચ્છમિત્રનું ખાસ પ્રકાશન છવાયું...*

*સૌજન્ય : કચ્છમિત્ર-ભુજ*

બન્યું એવું કે અમારા 'કચ્છમિત્ર'ના પટેલ ચોવીસી બ્યુરો તથા પાર્થ પબ્લિસિટીના સંચાલક - પત્રકાર શ્રી વસંતભાઈ પટેલ નૈરોબીમાં કચ્છી લેવા પટેલ સમાજ - વેસ્ટ સંકુલના રજત જયંતી ઉત્સવ નિમિત્તે એક વિશેષ પૂર્તિનું આયોજન કરી રહ્યા હતા. આ સંદર્ભે કામકાજ ચાલતું હતું તે દરમ્યાન વાતવાતમાં એક દિવસ એમણે કહ્યું, 'સાહેબ, તમે નૈરોબી ફરવા આવો... હું ત્યાં હોઈશ... આપને કંપની રહેશે. એ બહાને આપણને પણ સહપ્રવાસનો લાભ મળશે.'

વર્ષોથી જે પ્રદેશ જોવાની ઈચ્છા હતી તે ફરી મનમાં સળવળી. બે-ત્રણ દિવસની ગડમથલ પછી નૈરોબી (કેન્યા) ફરવા જવાનું નક્કી કરી લીધું.

૨૭મી માર્ચના રાત્રે અમે નૈરોબી પહોંચ્યા. મારી સાથે મારા બીજા એક મિત્ર પણ જોડાયા.


કેન્યાના પાટનગર નૈરોબીમાં પટેલોની (કચ્છી લેઉઆ પટેલ) વસ્તી વિશેષ છે. આઠ દિવસના પ્રવાસમાં અમને કેટલાક કુટુંબો (કચ્છી પટેલ પરિવારો) સાથે હળવા મળવા અને ફરવાનો લાભ મળ્યો. એમાંના કેટલાક મિત્રો બની ગયા. કેન્યામાં ગુજરાતી ખાવાનું અમને લગભગ દરરોજ મળ્યું.

બે દિવસ પછી અમને 'મસાઇ-મારા' અભયારણ્ય જવાનું થયું. આફ્રિકાના આ અભયારણ્ય વિશે ખૂબ સાંભળ્યું હતું. ડિસ્કવરી ચેનલમાં પણ ઘણીવાર જોયું હતું. 'મસાઇ-મારા'ના પ્રવાસે જવાના વિચારે અમને વધુ રોમાંચિત કર્યા. આફ્રિકન જંગલમાં ચોતરફ જીરાફ - ચિંકારા - હરણ - જંગલી ભેંસા, ઝીબ્રા, સિંહના ટોળા, ચિત્તા, હાથીઓના ઝુંડ વગેરે ખૂબ જોયા. હિપ્પોપોટેમસ અને વિશાળ મગરો જોઈ મન રોમાંચિત થઈ ગયું. મજાની વાત એ હતી કે જંગલમાં બધાં પ્રાણીઓ મુક્ત મને ફરતા હતા અને અમે બંધ કારમાં પાંજરામાં પૂરાયેલા છીએ એવું લાગતું હતું.

'મસાઇ-મારા' શબ્દનો અર્થ છે 'મસાઇ' આદિવાસી પ્રજા અને 'મારા' એ ત્યાંની ૨૭૦ કિ.મી. લાંબી નદીનું નામ છે. આ નદી જંગલ વિસ્તારમાંથી પસાર થાય છે અને તેમાં જળચર પ્રાણીઓ ખૂબ છે.



*કચ્છી લેઉઆ પટેલ સમાજના રજત જયંતી ઉત્સવ નિમિત્તે પ્રકાશિત 'કચ્છમિત્ર'ની વિશેષ પૂર્તિ*




*શ્રીમતી રાધાબેન દેવશીભાઈ પટેલ સાથે*



*'બાપ્સ'ના મંદિર સંકુલનું પ્રસન્ન વાતાવરણ*



*નૈરોબી સ્થિત આપણો પરિવાર : કૃષ્ણાબેન અને જગદીશ કોટડિયા*

મસાઈ-મારાના પ્રવાસ પછી અમે નૈરોબી શહેરમાં ફર્યા. લેઉઆ પટેલ સમાજના 'લંગાટા' સ્વામિનારાયણ મંદિર, ઈસ્ટ આફ્રિકા સ્વામિનારાયણ મંદિર, બી.એ.પી.એસ. (BAPS) સ્વામિનારાયણ મંદિર, હનુમાન મંદિર, ઈસ્કોન ટેમ્પલ વગેરે સ્થળોની પણ મુલાકાત લીધી.

અહીં અમને ઘણા પટેલ પરિવારોની મહેમાનગતિ માણવાનો લાભ મળ્યો. તેમાં પણ શ્રીમતી રાધાબેન દેવશીભાઈ પટેલ. આ નામ અમે ક્યારેય ભૂલી શકીએ તેમ નથી. પ્રેમ અને વાત્સલ્યનું ઝરણું એવા આ બહેને અમે પરદેશ ફરવા આવ્યા છીએ એવું લાગવા નથી દીધું. એમની સાથે અમે એમના ફાર્મ હાઉસ નૈરોબીથી લગભગ ૭૦-૮૦ કિ.મી. દૂર 'નવાસા' ગ્રીન હિલ રીસોર્ટ ગયા. ત્યાંનું કુદરતી વાતાવરણ જોઈ અમે ખૂબ જ પ્રફુલ્લિત થયા.

એક દિવસ અમે નૈરોબી લેવા પટેલ સમાજના મેડિકલ કન્વીનર શ્રી પ્રવીણભાઈ પીંડોરીયાની સાથે એમના પ્રિન્ટીંગ પ્રેસ 'ઈલાઈટ ઑફસેટ'ની મુલાકાત લીધી. 'કચ્છમિત્ર'ની વિશેષ પૂર્તિ અહીં જ પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

એકંદરે ટૂંકો પ્રવાસ હતો પરંતુ ખૂબ જ સુખદ અનુભવ અને ઘણા સંસ્મરણો સાથે લઈને પાંચમી એપ્રિલે અમે સ્વદેશ પરત ફર્યા. ■

*કોઈ તમારા સારા કાર્યો પર શક કરે તો કરવા દેજો*
*કારણકે શંકા હંમેશાં સોનાની શુદ્ધતા પર થાય છે, કોલસાની કાળાશ પર નહીં.*


## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

(ટ્રસ્ટ રજી. નં. : ૬૨૬૬૬)


શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ

*"જ્ઞાતિસેતુ"ના વાચકો અને વિજ્ઞાપનદાતાઓને જણાવવાનું કે આપ લવાજમ કે જાહેરાતની રકમ નીચે દર્શાવેલ બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકશો. રકમ જમા કરાવ્યા બાદ બેંક સ્લીપની નકલ મોકલાવી આપવા વિનંતી.*

- **Account Name** : Shri Kutchi Maru Kansara Soni Gnyati Mandal - Ahmedabad
- **Bank** : Punjab National Bank
- **Account No.** : 519400010003759
- **RTGS/NEFT IFS Code** : PUNB0519400

*મનુભાઇ કોટડિયા, ચેરમેન – "જ્ઞાતિસેતુ"*
*(મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮)*

# શ્રધ્ધાંજલિ



## સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈ

**મુ.પો.તલોદ, જિ. સાબરકાંઠા**
**સ્વ. તા. ૮/૦૪/૨૦૧૦**

"સંકલ્પની મુઠ્ઠીમા, પ્રારબ્ધની રેખ,
વિધાતાએ લખ્યા, એમની સફળતાના લેખ"

કર્મને જેમણે ધર્મની પવિત્રતાથી શણગાર્યુ...
સાદગી જેમની સમૃધ્ધિ બની...
સ્નેહની ગંગાને ઘૂઘવતાં રાખી...
પથ પ્રદર્શન નહી, માર્ગદર્શન ના દીપ...
પરમ આદરણીય પથ દર્શક પ્રતિભાને
આઠમી શ્રધ્ધાંજલિ જીવન સફરને શ્રધ્ધાસુમન...

લિ.

**ગં.સ્વ. સોની લીલાબેન જેઠાલાલ**

સહ પરિવાર, તલોદ, ગાંધીનગર, અમદાવાદ

આયોજન : જીતુ ત્રિવેદી

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.

**GROUP of COMPANIES**

**HARILAL LAKHAMSHI JEWELLERS PVT. LTD.**

**CROISSANCE TRADING PVT. LTD.**

**SHREE ARBUDA INFRASTRUCTURE DEVELOPMENT PVT. LTD.**

**HARILAL LAKHAMSHI INDUSTRIES PVT. LTD.**

Regd. Office
Haribhai Soni Building, L. B. Shastri Road,
Anjar (kachchh) 370 110 Gujarat – India.
Telefax: - +91 2836 242481, 243481 | Cellular:+91 987 953 0854, 2, 3

Corp. Office
426-C, Supermall, Nr. Lal Bungalow, C. G. Road,
Ahmedabad – 380 009 Gujarat – India
Telefax: +91 79 30024481, 79 2642 6292

Email: cmd@hljewellers.com, infohljpl@gmail.com
Website: www.hlgroucompanies.com, www.hljewellers.com

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00